नाणानो खरो उपयोग

કીંમત ચાર આના.

૫૦૭૬

देवुं

अने

नाणानो खरो उपयोग.

ઇંગ્રેજી ગ્રંથોના આધાર ઉપરથી

રચનાર

રેવાશંકર અંબારામ ભટ્ટ.

ફર્સ્ટઆસિસ્ટંટ ડેપ્યુટી એજ્યુ. ઈન્સ્પેટર અમદાવાદ વિભાગ.

બીજી આવૃત્તિ પ્રત ૨૦૦૦.

અમદાવાદમાં

મામાની હવેલી મધ્યે યુનાઈટેડ પ્રીન્ટીંગ અને જનરલ
એજન્સી કંપની "લિમિટેડ" ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યો.

ઈ. સ. ૧૮૫૨. સંવત ૧૯૪૮.

કીંમત ચાર આના. *(Four annas.)*

ઉપોદ્ઘાત.

હાલના વખતમાં આ ભારતદેશમાં નાણાં સંબંધી તંગી વિષે વારંવાર લોકો ફર્યાદ કરતા નજર આવેછે અને તેને વાસ્તે દેશની દાઝ જાણનારા રાજનીતિજ્ઞ પુરૂષોનાં અંતઃકરણ બહુ દાઝેછે તેથી તેઓ યત્ન કરતાજ રહેછે. તેમને ખેડૂતોની ઘણી દયા આવેછે કેમકે મનુષ્યનો જીવનાધાર અન્નછે. તે અનાજ પકવનારા ખેડૂતો છે તેમની સ્થિતિ બહુ કંગાળછે તથા તેમનાં દુઃખનો પાર નથી. અથાગ મહેનત કરતાં છતાં પણ તેમને ખાવાને અનાજ ને પહેરવાને લૂગડાં પણ પૂરાં મળતાં નથી. તેનું મુખ્ય કારણ તેઓ દેવાના ડુંગર નીચે દબાઈ ગયાછે તેછે. તેમને કંઈ બોધ મળે તથા નાણાંનો ખરો ઉપયોગ થાય એવું પુસ્તક બરાબર રચાય તો તે ઘણું મોટું થઈ જાય, ને ખેડૂત વર્ગના છોકરા તેની કીંમત ભારે થઈ જવાથી લઈ શકે નહિ એમ જાણી તે વિષેનું આ સારાંશ રૂપ લઘુ પુસ્તક વાચક વર્ગની સેવામાં મૂકવાની તક લીધીછે અને તેમાં પણ અપૂર્ણતા હશે તોપણ તેમાંથી કંઈક જ્ઞાન મળશે એવા ઈરાદાથી તથા કેળવણી ખાતાવાળાને ઈનામમાં લેવાને બની આવે, જેથી તેનો બહોળો ફેલાવો થાય એવું ધારી ઈંગ્રેજી ચોપાનીઆના આધાર ઉપરથી આ નાનકડું પુસ્તક રચ્યુંછે. આશા છે કે એને જો સારો આશ્રય મળે તો જેમ બને તેમ સસ્તી કીંમતે વેચવાનું ઠરાવ્યુંછે. ભાષા પણ સાદી ને સાધારણ ભણેલા વાંચી સમજી શકે એવીજ વાપરી છે માટે સુજ્ઞ વાચક વર્ગને વિનતિ છે કે એના દોષ તરફ નજર ન કરતાં તેના હેતુ તરફ નજર થાય તો વધારે સારૂં.

ગ્રંથકર્ત્તા.

देवुं अने नाणानो खरो उपयोग.

ઈસ્વીસન ૧૫૭૯ માં મરણ પામેલાની કબર
ઉપર લખાએલો શીલાલેખ.

કોણ, કોણ, અહિં કોણ છે ?

હું રાબર્ટ ડોકાસ્ટર છું, તે મેં મારી પાસે હતું તે ખરચ્યું, મારી પાસે જે હતું તે મેં આપ્યું, અને જે મેં ખોયું તે મેં મુકયું.

નાણાં વિષે સૂત્રરૂપ વચનો.

લફંગાં માણસ કહે છે કે નાણું ગેળવવું ને તે ખરચી નાખવું.

જુગારી કહે છે કે નાણું મેળવવું અથવા તેને ખોઈ દેવું.

ખડાઈખોર માણસ કહે છે કે નાણું મેળવવું અને તેનાં ઘરેણાં કરાવી પહેરવાં .

કંજુસ માણસ કહે છે કે નાણું મેળવવું અને તે બચાવી રાખવું.

નાણાવટી કહેછે કે નાણું મેળવવું અને તે વ્યાજે આપી વધારવું.

ઉદાર માણસ કહે છે કે નાણું ગેળવવું અને તેના હિસ્સા પાડવા.

ડાહ્યા માણસ કહે છે કે નાણું મેળવવું અને તેનો ખરો ઉપયોગ કરવો.

સુખશાંતીની ઇચ્છા.

સર્વે મનુષ્યપ્રાણી પોતપોતાના કુટુંબ સાથે આરામીયનમાં રહેવાને ઈચ્છે છે. એ વિચાર કુદરતી છે અને ઘણી ખરી વાર જો અવ્યવસ્થા ન હોય તો તે મેળવી શકાયછે. કમનસીબથી આ મૂલકમાં આથી ઉલટું જોવામાં આવેછે. ઘણાં ખરાં મનુષ્ય પોતાની સંતાપજનક જીંદગી યુવાવસ્થાથી તે આખર અવસ્થા સુધી ગુજારે છે એટલુંજ નહિ, પણ તેમનાં છોકરાંને વાસ્તે વારસામાં પણ મૂકી જાય છે. આમ થવાનાં ઘણાં કારણો છે, પણ તેમાં મુખ્ય દેવું કરવાનો ચાલ છે, અને તે આ મૂલકમાં સર્વત્ર જોવામાં આવે છે.

આ મૂલકમાં કેટલાએક આ આપવાદનો દોષ પોતાના નસીબ ઉપર મૂકે છે. હિંદુસ્તાનના રાજનીતિજ્ઞ સુધારકો, જનમંડળને પ્રબોધ કરે છે કે રાજ્યમાં કાર્યભાર કરવાને પ્રજા પસંદગીના હિમાયતીઓ રાખવામાં આવે એજ દેશનું દારિદ્ર જવાનો શ્રેષ્ઠ ઉપાય છે. ઇંગ્લાંડમાં સેંકડો વર્ષથી પ્રજા પસંદગીના હિમાયતીઓથી રાજ્ય ચલાવાય છે, તોપણ ત્યહાં સંખ્યાબંધ અવ્યવસ્થિત ગરીબો છે; માટે આપણા સુખનો આધાર સરકાર ઉપર રાખવા કરતાં આપણા પોતાના ઉપર રાખવો એજ વધારે યોગ્ય છે. સુધારાનો પ્રારંભ પ્રથમ પોતાની જાત, પછી ઘર, પછી ગામ, પછી પ્રગણું, પછી જીલ્લો, પછી પ્રાંત, પછી ઈલાકો, પછી દેશ, ઈત્યાદિ અનુક્રમ પ્રમાણે થવો જોઇએ.

દીર્ઘદ્રષ્ટિથી નિરીક્ષા કરનારા ભવિષ્યનો વિચાર પ્રથમ કરે છે, ત્યાર પછી તેને વાસ્તે તૈયાર થાય છે. આજ મોટો તફાવત જંગલી અને સુધરેલા માણસોમાં હોય છે. કેમકે જંગલી મનુષ્ય, માત્ર ચાલતા વખતનોજ વિચાર મનમાં

લાવે છે. આજ તેઓ મેળવેલો ખોરાક ખાઈ આનંદ કરે છે, પણ ભવિષ્યનો વિચાર ન કરવાથી બીજે દિવસે ભૂખની વેદના ભોગવે છે. આ પ્રમાણેજ ઘણાખરા પોતે જે કમાયા હોય તે એકદમ ખરચી નાખે છે અને જ્યારે મંદવાડ કે બીજું અણુધાર્યું ખર્ચ આવી પડેછે ત્યારે દેવું કર્યા વિના તેમનો છૂટકો થતો નથી. ડાહ્યા માણસો નિયમ પ્રમાણે નાણું બચાવી રાખે છે કે અણધાર્યો પ્રસંગ આવે તો તે તેમાં ખરચવાને અત્યુપયોગી થઈ પડે અને વ્યાજના ભારે બોજામાંથી મુક્ત થવાય.

આ દેશમાં દેવું ફેલાવાનાં કારણો, તેનાથી થતી ખરાબી તથા તેથી મુક્ત કેમ થવાય અને નાણાંના ખરા ઉપયોગ વિષે થોડાંક આધુનિક દૃષ્ટાંત સાથે નોંધ આપવી ઉપયોગી છે માટે તે પણ આમાં આપેલી છે.

હિંદુસ્તાનમાં દેવું કરવાનો પ્રચાર.

ઘણું કરીને દુનિયાના સઘળા મૂલકમાં અને સર્વ કાળમાં માણસો થોડા અથવા વધારે દેવાના બોજામાં આવી ગએલા હોયછે. અને આવી જાય છે, કેમકે આજથી ત્રણ હજાર વર્ષ પહેલાં સોલોમને એ વિષે સૂચના આપી છે તે એ કે દેવું કરનાર જેનું દેવું કરેછે તેનો સેવક છે. તેમ હાલમાં ઇંગ્લાંડના ઘણાખરા ગરીબો પોતાનાં વસ્ત્ર ઘરેણે મેલી તેના ઉપર નાણું ઉધારે લેછે, ને શનિવારે જ્યારે તેમને (અઠવાડીઆનો) સાપ્તાહિક પગાર મળેછે ત્યારે તેમાંથી નાણું આપી તે લૂગડાં છોડાવી લાવેછે તેમ હિંદુસ્તાનમાં તો અસલના વારાથીજ દેવામાં પડવું એ સાધારણ થઈ ગયુંછે, કેમકે હિંદુલોકના જૂનામાં જૂના વેદ તેમાં સર્વથી મુખ્ય

ઋગ્વેદ તેમાં સ્તુતિ કરી છે કે, (૯) હે વરૂણ, મને દેવામાંથી મુક્ત કર, તથા મારા વિસ્તારને, તથા મારી સાથે જે જે જોડાયાં છે તેમને, અને જેની સાથે મારો સંબંધ છે તે સર્વને મુક્ત કર. અને હે વરૂણ દેવ, હું બીજાના દેવાને લીધે તેનો તાબેદાર ન થાઉં એમ કરજે. મનુના કાયદાનું પુસ્તક જે મનુસ્મૃતિ તેના ૧૪૦ મા શ્લોકમાં લખ્યું છે કે વસિષ્ઠે નાણું ધીરનારને પોતાનુ નાણું વધારવાનો હક્ક દરમાસે ૧૮ મો ભાગ વધારે લેવાનો આપ્યો છે તથા તેને કાયદેસર ગણ્યુંછે. દર સેંકડે દરમાસે બે ટકા વ્યાજ પોતાના કાયદાને વાસ્તે લેણદાર દેણદાર પાસેથી લે તે સારા માણસનો ધર્મ ઠરાવ્યો છે.

૧૪૨ મા શ્લોકમાં લખ્યું છે કે નાણું વ્યાજે આપનાર બ્રાહ્મણ પાસેથી દર સેંકડે દર માસે બે ટકા, ક્ષત્રી પાસેથી ત્રણ, વૈશ્ય પાસેથી ચાર અને શૂદ્ર પાસેથી પાંચ ટકા લઈ શકે છે.

ઓછામાં ઓછો વ્યાજનો દર દર સેંકડે દર વર્ષે ૧૫ ટકાનો છે તે જોતાં શૂદ્રને ૬૦ ટકા વ્યાજ આપવું પડે. હાલના વખતમાં પણ ગરીબ કરજદારને વારંવાર એક રૂપિએ એક મહીને એક આનો આપવો પડેછે તેની ગણતરી કરીએ તો સેંકડે ૭૫ ટકા દર વર્ષે વ્યાજના આપવા પડેછે. દેવું કરવાનો પ્રચાર આ દેશમાં ભણેલા ને અભણ સર્વમાં છે. હિંદુસ્તાનમાં મોટામાં મોટો ભાગ ખેડૂત વર્ગનો છે અને બીજા માણસો કરતાં દેવું કરવાથી જે દુઃખ થાય છે તે આ લોકોને બહુ વેઠવાં પડયાંછે ને પડેછે. તે વિષે ખેતીવાડી સંબંધી સુધારો કરનારી મંડળીનો સ્થાપનાર સ્વર્ગવાસી ડૉક્ટરકેરી કહેછે કે દેવારહિત જે ખેડૂત

હોય છે તે પોતાના વાવેલા અનાજના છોડને ઘણી ખુશીથી જુએછે અને મનમાં મગન રહે છે. તેની ખુશીનું ચિત્ર ઘણું રળિયામણું જણાય છે. એવા બનાવ જોવામાં આવે તો મોટા ચમત્કારની વાત આ દેશમાં સર્વ કોઈ ગણે છે. ખેડૂત વર્ગના ઘણા ખરા ભાગમાં દેવું કરવાની ટેવે ઊંડાં મૂળ ખોસ્યાં છે તેને લીધે તે બિચારા જે મહેનત કરેછે તે તથા જે અનાજ પકવે છે તે સર્વ તેમને દેવામાંજ આપી દેવું પડેછે એટલુંજ નહિ, પણ કાપણી કરવાનો વખત આવે ત્યહાં સુધીમાં તો તેના દેવામાં સેંકડે ૪૦ ટકાનો વધારો થાયછે, અને ખેતીવાડીનું કામ આખર આવે ત્યહાં સુધીમાં તો તેના દેવામાં સેંકડે ૫૦ ટકાનો વધારો થાય તો તે પોતે ભાગ્યશાળી ગણાયછે.

આપણા જોવામાં ઘણા દાખલા આવ્યા છે અને આવે છે કે બે વર્ષના પાકમાંથી એક વર્ષના પાક જેટલું પણ તેમને મળતું નથી; આવું કોઈ એકનેજ થાયછે એમ નથી, પણ મૂલકના ઘણા ભાગમાં એમજ થાયછે. ગૂજરાત પ્રાંતમાં તો ઘણેખરે ઠેકાણે સરકાર ભરણાના રૂપિઆ પણ પૂરા થતા નથી તો માગનારને વ્યાજ જોગું આપવાની સગવડ તો આવેજ ક્યાંથી? આવી હાલતમાં આવી ગયાથી તેઓની નીતિમાં બગાડ થાય તેમાં લેશમાત્ર નવાઈ નથી.

પ્રાચીનકાળમાં આ મૂલકના કેટલાક ભાગમાં જમીન સરકારની કહેવાતી હતી તેથી તેને ઘરાણે મેલી શકાતી નહિ. બુંદેલખંડના ખાલસા ભાગમાં સરકારે રૂડા વિચારથી જમીદાર લોકોને જમીનનો હક આપેલો છે, પણ તેનો ઠરાવેલો દર તેમનાથી વધારી શકાતો નથી તોપણ

વરિષ્ઠ ધારણુ કરનાર તરીકેની સર્વ સત્તા તે ભોગવે છે. તેઓ બિચારા લોભને લીધે જે જમીન ખરીદ કરેછે તેના પૈસા મારવાડી જેવા શાહુકાર પાસેથી લેછે અને સાનમાં જમીનને મેલેછે તેથી મારવાડીઓ ઘણી ખુશીથી તેમને જમીન ઉપર નાણું ધીરેછે. જ્યારે દૈવી આપત્તિ આવી પડેછે ત્યારે તેઓ સર્વ ખુએ છે અને વરિષ્ઠ ધારણુ કરનારને બદલે કનિષ્ઠ ધારણુ કરનાર થઈ જાય છે એટલે સર્વ માલમતા શાહુકારના કબજામાં જાય છે તેથી તે શાહુકાર તે ગરીબ પ્રજાને તેમના પ્રાણને ફક્ત આધાર યોગ્યજ આપે છે, તેટલા માટે તે સર્વ ગુલામની પેઠે તે શાહુકારનું કામ કરેછે.

ખેડુત વર્ગને તેમની કમાણીનો ખરો ભરોંસો નથી! એ કહેવું કેટલેક દરજે વાજબી છે, કેમકે તેમના પાકનો આધાર અનુકૂળ મોસમ ઉપર રહેલો છે અને તે સાનુકૂળ કે પ્રતિકૂળ આવવી ફક્ત તેમનાજ હાથમાં નથી, માટે તેમના ઉપર મેલાતા અપરાધનો એ બચાવ છે, તોપણ તેઓને જે મળેછે તે તેઓ જાળવી શકતા નથી એ ખરૂં છે. જ્યારે વધારે મળે છે ત્યારે વધારે ઉડાવે છે, ને પછી "અલ્લા એક બદામ" થઈ જાય છે. જે માણસોને મુકરર પગાર ઠરાવ પ્રમાણે મળે છે તે પણ ખેડૂતની પેઠેજ દેવાના બોજામાં સરખી રીતે આવેછે તે વિષે ઈન્ડીઅન મિરર કહેછે કે "હિંદુસ્તાનનો ખેડૂતવર્ગ અવિચારથી વર્તન કરનારમાં પંકાએલો છે, તોપણ તેઓ એકલાજ એવા છે એમ નથી એમ બરોબર જણાએલું છે, તથા સાધારણ અક્કલથી નિરીક્ષા કરીએ તો જણાઈ આવે છે કે જે ભારતવાસીઓ કેળવણી પામેલા છે તે તથા જેઓ કેળવણી રહિત છે તે સર્વ જ્યારે તેમને દુનિયાદારીની રીતભાત કરવાની આવે છે

સારે તેઓ ગજા ઉપરાંત વ્યય કરી સંકટના ભોગ થઈ પડેછે." થોડાં વરસ ઉપર મદ્રાસના એક વર્તમાનપત્રમાં લખાયું હતું કે મદ્રાસ ઈલાકાના ૧૩૦૦ કારકુનો ઉપર તેમના પગારમાંથી વધારે ભાગ તેમના દેવાદારને આપવા સારૂ ફર્યાદ થઈ હતી ને તે ફર્યાદ ન્યાયની અદાલતમાં નોંધાઈ હતી." આમાં કદાપિ અતિશયોક્તિ હશે એમ માનીએ, તો પણ આ દુર્ગુણ ફેલાયો છે કે નહિ તે વિષેનો પ્રશ્ન પૂછવાનોજ રહેતો નથી. મદ્રાસના જે ભાગમાં ખ્રિસ્તિધર્મનો ફેલાવો થયો છે ત્યાંના ધર્મ અધ્યાપકોમાંના ભાગ્યેજ ત્રીશમાંથી પાંચ અથવા છ જણ દેવા વગરના કોરા રહ્યા હશે એમ તપાસ કરતાં જણાયું છે. ઘરકામ કરનારા પણ વારંવાર વ્યાજે નાણું લઈને તે પતાવી શકતા નથી.

દેવું થવાનાં કારણ.

ઘણાખરા મનુષ્ય છોકરવાદી સ્વભાવના હોય છે તેથી તેઓ હરેક વાતમાં ફક્ત ચાલતા વખતનોજ વિચાર કરે છે. ભૂતકાળ તથા ભવિષ્યકાળની લગાર પણ દરકાર રાખતા નથી, માટેજ તેમને આજ પૂરૂં થાય એટલું મળ્યું હોય તો તેઓને આવતી કાલના સંકટમાંથી જે ઓછું થાય તેનો વિચાર સરખો પણ આવતો નથી. ડાહ્યા માણસ ભવિષ્યનો વિચાર કરેછે અને તેની તૈયારી કરી મૂકેછે તથા ભૂતકાળમાં જે બન્યું હોય તે ભૂલી જતા નથી. તે વિષે લામ્બ કહેછે કે "મનુષ્ય પ્રાણીમાં બે જાતના નમૂના જોવામાં આવે છે. એક ધીરનાર ને બીજો રાખનાર, એક આપનાર ને બીજો લેનાર, એક પૈસા જાળવી રાખનાર

અને બીજો ઉડાવનાર, એક દુરંદેશી અને બીજો ટૂંકી નજરનો, એક બચાવનાર અને બીજો ખોનાર, એક પૈસાવાળો અને બીજો પૈસા વગરનો, તેમજ એક કુશાગ્ર બુદ્ધિનો ને બીજો મોબાગ્ર બુદ્ધિનો એમ હોય છે.” વિચાર કરીએ તો દેવું માણસની કમાણી ઉપર આધાર રાખતું નથી, કેમકે એકજ કચેરીમાં બે કારકુનો હોય તેમાંનો એક જેને વધારે પગાર મળતો હોય તે કરજના ઊંડા ખાડામાં ડૂબેલો માલૂમ પડેછે, ને બીજો જેને થોડો પગાર મળતો હોય તે એટલું બચાવી શકે છે કે જે ભાડાની ગાડીમાં બેશીને તેને જવું પડતું હોય તેવી ગાડીને ઘોડો વેચાતાં લઈ શકે છે. એક માણસ ફક્ત ૧૫ રૂપિઆના પગારમાં પોતાના કુટુંબ સાથે દેવું કર્યા વગર રહી શકેછે અને બીજો જે ૧૫૦૦ રૂપિઆનો પગારદાર હોય અને તે કુટુંબ વગરનો હોય તોપણ દેવાના બોજામાં દબાઈ ગએલો હોય છે. દેવું જેને કુટુંબનું ભરણપોષણ કરવું પડતું હોય એવા બાપના મરણ પામવાથી થાય છે, અથવા કાળ પડેછે ત્યારે નાણું વ્યાજે કાઢવું પડેછે એ અયોગ્ય નથી. જે કારણો યોગ્ય નથી તેને વાસ્તે નાણું ઉધારે લેવું તેના તે પોતેજ જવાબદાર છે. પોતાની ભૂલનો ઠપકો બીજા ઉપર બાનું કાઢી મૂકવો, એ ઘણું સહેલું ને નઠારૂં છે, પણ તે સુધારવાને યત્ન કરવો, એ વધારે કઠણ ને સારૂં છે.

લગ્નની તથા મૃત્યુની ક્રિયામાં ઉડાઉ-પણાથી થતું ખર્ચ.

એક અન્યદેશી લખનાર આપણી પરસ્પર વિરોધતાનું આ પ્રમાણે વર્ણન કરેછે કે, આ દેશના લોકો બરાબર ઉડાઉ નથી પણ ઉલટા કંજુસાઇથી અને લોભથી પૈસા એકઠા કરેછે અને પૈસાનો ઢગલો ભેગો થાય એવો તેમનો હેતુ હોયછે, તેથી તેનો ખરો ઉપયોગ કરવાનો મનમાં વિચાર સરખો પણ લાવતા નથી; એમ છતાં પણ જ્યારે લગ્નનો કે બીજો પ્રસંગ આવે તથા નાત જાતમાં તડ પડે કે કોઈનાં મેણાં ટુણાં સાંભળે ત્યારે હલકામાં હલકી બાબત ઉપર પણ બહુજ ખર્ચે છે. વારંવાર સંભાળાય છે કે લગ્ન પ્રસંગે વધારે નાણું ખર્ચાયછે. મદ્રાસના એક પ્રસિદ્ધ વર્તમાનપત્રથી જણાયુંછે કે થોડા દિવસ ઉપર એક છોકરાના લગ્નની ખુશાલીની જાફતમાં ૧૫૦૦૦ રૂપિયા તેના બાપે ભોર મેલ્યા હતા. આવા દાખલા ગુજરાતમાં અને કાઠીઆવાડમાં પણ બનેલાછે. હિંદુની ગરીબ જ્ઞાતિઓમાં પણ આવાંજ બેપરવાઈનાં ખર્ચ કરવામાં આવેછે તેથી તેઓ દેવાની જાળમાંથી નીકળી શકતા નથી. પૈસાદાર લોકો પણ આવા ઉડાઉ ખર્ચથી કરજના દરિયામાં એટલા બધા ને એવા તો ડૂબી ગયાછે કે તેમને ઉપર આવવાની બિલકુલ આશા રહી નથી. કહેવાને નવાઈ લાગેછે, કે આ લોકો "પૈસો મારો પરમેશ્વર" એમ જાણે છે, તેથી તે મેળવવાને યત્ન કરેછે અને તેને વાસ્તે પોતાની પ્રતિષ્ઠાની હાનિ થાય એવી હલકામાં હલકી નોકરી કરી મહા મુશ્કેલથી કોથળીમાં ઉમેરો કર્યાંજ કરેછે એમ છતાં પણ વરા તથા ફાંદનાં કરવાને બિલકુલ આચકો ખાતા નથી.

મદ્રાસના માજી રેવરંડ ડબલ્યુ. સ્ટીવન્સન નીચે લખેલા એક સાધારણ લગ્ન પ્રસંગના દાખલાનું વિવેચન કરેછે.

"૫૦ રૂપિયાના દરમાયાવાળા એક પુરૂષને પોતાની દીકરીના લગ્ન પ્રસંગે ૫૦૦ રૂપિયા ખર્ચવાના જોઈએ તે ન હોવાથી દેવું કાઢવું પડ્યું હતુ; અને વળી તેના જાણુ-વામાં હતું કે તે પૈસા મેળવવાનું તેની પાસે સાધન નથી, પરંતુ જ્ઞાતિના ધારાને તાબે થઈ ભારેમાં ભારે વ્યાજ આપવું નક્કી કરી પૈસા કરજે લીધા અને તે માટે વ્યાજના હાથાથી દેવાની ઘંટીમાં ઘણાં વરસ સુધી દળાયો. એમ કર્યા વિના તેનો છૂટકો નહતો, કેમકે તે કહેતો હતો કે જો હું પ્રમાણિકપણે વર્તું તો મારી પાસે નાણું નથી અને મારા જેવાને દેવાના ભારમાં દબાઈ જવું એ ખોટું અને બેવકૂફી ભરેલુંછે; વળી મારી મહેનતથી જે મેળવ્યું હોય તેજ મારે ખર્ચવું તે સિવાય બીજું ઉધારે લેઈને નજ ખ-ર્ચવું, પણ કરૂં શું? મારી નાતની રીતભાત કર્યા વિના છૂટકો થતો નથી અને પાડોશીનાં મેણાંથી મારે નીચું જોવું પડે એવા બાયલા વિચારને તાબે થઈ બેવકૂફીથી તેણે પોતાની ગરદન દેવાની ધૂસરી નીચે મૂકી"

પંજાબ પ્રાંતના હિંદુઓમાં વૃદ્ધના મરણ ક્રિયાના વરામાં સરાસરી ૫૦૦ રૂપિયા ખર્ચ થાયછે. વરે કન્યાના બાપને આપવાના રૂપિયાની સરાસરી દર કન્યાએ ૪૦૦ રૂપિયા આવેછે, તે જ્યાં સુધી આપે નહિ ત્યાં સુધી લગ્ન થવા દેતા નથી. આવાજ ખર્ચ કરવાને વાસ્તે તેમની પોતાની ફળદ્રુપ વંશપરંપરાની જમીન નાણાં ધીરનારના હાથમાં જાય છે. મુંબઈ ઈલાકાના સમુદ્ર કિનારાના મૂલકમાં એટલે કોકણ પટી માં જમીદાર પરણવાના ખર્ચમાં પોતાના બા-

પદાદાની જાગીરની જમીન વેચી દેઈ ખોઇ દેછે. કન્યા પરણાવવાના ખર્ચમાં ખરાબખસ્ત થવાની બીકથી કેટલાક રજપૂતો પોતાની કેળના ગર્ભ જેવી કન્યાને દૂધપીતી કરતા હતા તેનો અટકાવ કરવા સારૂ સર. લી. ગ્રાંડ જેકબ સાહેબની સૂચનાથી સરકારને એક ખાસ ખાતું ઇનફન્ટીસાઇડ (બાળહત્યા અટકાવનારૂં) કહાડવું પડયું હતું, તે કેટલાંક વરસ સુધી રાખી પછીથી બંધ કર્યું હતું.

આપણા ગૂજરાત પ્રાંતમાં પણ ઘણી નાતોમાં પહેરામણી કે વાંકડો આપવાનો ધારો છે અને એ ધારાને લીધે અહીંના પાટીદાર અને અનાવળા દેસાઇઓ દેવાના ડુંગર તળે ઓછા દબાયા નથી ને દબાતા નથી.

હિંદુઓની એકઠાં રહેવાની રીતિ ઉત્તમ છે, તોપણ તેથી મૃત્યુની ક્રિયા તથા લગ્નની ક્રિયા કરવાના ખર્ચ આવ્યા વગર રહેતાં નથી અને તે તમામ ખર્ચ જે મુખ્ય હોય તેને એકલાનેજ કોઇવાર ભોગવવું પડેછે. જૂદા રહેનારને તેવાં ખર્ચ ઘણાં આવતાં નથી તેમાં પણ જે કમાય છે તેને માથે વધારે બોજો આવે છે અને એ બોજાની જાળમાં તથા આબરૂની જાળમાં અંટવાઈને અંતે ખરાબખસ્ત થઈ જાયછે.

કેળવણી પામેલા જેઓ આ ચાલ પ્રમાણે વર્તે તેમને બેવકૂફ ગણેછે તેવા પણ એમાં લપટાએલા જેવામાં આવે છે. તેઓ બીજાને બોધ કરે છે કે એવું કરશો નહિ, પણ એવા બોધકની અસર થાયજ કેમ ? કહ્યુંછે કે "ઘેલી સાસરે ન જાય અને ડાહીને શીખામણ દે" પ્રોફેસર રઘુનાથ મુડલેર નામનો મદ્રાસી કહે છે કે "મેં ઘણા

માણુસોને લગ્ન પ્રસંગે નાચ કરાવવામાં, વરઘોડા કહા-ડવામાં, માંડવો શણગારવામાં, ચોઘડીઆં વગડાવવામાં, માંડવામાં રોશની કરવામાં રૂપિયા ઉડાવતા જોયાછે. નાતવરામાં સારાં સારાં પકવાન્ન કરી વિવાહની કે વરસી-ની નાતોમાં ઉડાવેછે અને કહેછે કે અમારા દોસ્તો કરે તે પ્રમાણે ન કરીએ તો અમારૂં નાતમાં હીણું દેખાય અને અમારા પક્ષમાં કોઈ રહે નહિ. વળી કહેવતમાં કહે છે કે "માબાપનું બારમુ અને વહુનું સીમંત ફરીફરીને આવવાનું નથી." માટે એમાં પૈસો ખર્ચવો એ ઉત્તમછે. આ ચાલે આપણા ગૂજરાતમાં સત્યાનાશની પાટી બેસારીછે. અમદાવાદના ઔદીચ બ્રાહ્મણોમાં વરા કરીને મોટાં મોટાં કુટુંબ પાયમાલ થઇ ગયાં ને થઈ જાયછે, તોપણ તેમને દેવું કરવાથી શું પરિણામ આવેછે એ માલૂમ નથી એ અતી શોચનીય છે.

મદ્રાસની ખ્રિસ્તિ કોલેજના ચોપાનીઆના મુખ પૃષ્ઠ ઉપર લખેછે કે They are slaves who dare not be in the right with two or three બે અથવા ત્રણમાં જેઓને ખરૂં કહેવાની હિંમત નથી તેઓ ગુલામ છે.

જ્યાં પ્રજાનો મુખ્ય ગણાતો વર્ગ અણુઘડ ને મૂર્ખ માણુ-સનો દોરાયો દોરાય છે અને સમજ્યા છતાં એવા બંધનથી ખસાતુ નથી ત્યાં સુધારો થવાની શી આશા રાખી શકાય?

સ્કાટલંડ દેશના રહેવાશીઓની કહેવત અથવા મુદ્રા લેખમાં છે કે They say! what say they? Let them say એનો અર્થ તેઓ જે કહે તે કહેવા દો પણ વાજબી છે તે કરો. પણ બીજાના બેવકૂફી ભરેલા ટીકા તરફ લક્ષ રાખશો નહીં

અનાજ વધારે નીપજાવવાને સારૂ અમુક જાતનાં બીનો જથો જોઇએ છીએ, તેમજ નાણું વધારવાને વાસ્તે તેની મુડી જોઇએ છીએ. એના ઉપર વ્યવહારનો મોટામાં મોટો આધાર છે. જો બાપ પોતાના છોકરાના લગ્ન પ્રસંગે જે દ્રવ્યનો મોટો જથો ઉડાવે છે તે તેના ફાયદાને માટે જેમાં નફો થાય એવી બાબતમાં તે પૈસો રોકે તો જે જુવાન જોડું પરણેછે તેને આવતા વખતમાં સારી રીતે રહેવાને માટે વધારે નફા જેવું થઈ પડે, અને તેના સુખમાં પણ વધારો કરે. જે નાણું ખર્ચે છે તેનોજ નાશ થતો નથી, પરંતુ તેની સાથે તેના ફાયદા પણ ગુમાવાય છે.

લગ્ન પ્રસંગે આનંદ ભોગવવો એ વાજબી ને જરૂરનો છે. તે પ્રસંગે વાજબી હદમાં સગાંવહાલાં અને મિત્રોને બોલાવ-વા અને તેમને ગમત કરાવવી, પરંતુ હાલમાં બેવકૂફી ભરે-લો અને અનીતિનો ખર્ચ જે વધી ગયોછે તે,તથા રામજ-ણીઓ નચાવી અનીતિનાં ગીત ને ગાયન સાંભળવાં તેને કેળવણી પામેલાએ જેમ બને તેમ પોતાના તન, મન ને ધનની શક્તિ પ્રમાણે હરેક રીતે ઓછાં કરવાં જોઈએ.

નાણું સેવિંગસ બેંકમાં રાખ્યાને બદલે તેનાં ઘરેણાં કરાવીને ખુએ છે.

હિંદુસ્તાન દેશ બ્રિટિશ લોકોના હાથ તળે આવ્યો તે પહેલાં લોકોને પોતાની માલ મિલકતની સહી સલામતીનો ભરૂસો રહેતો નહિ; કેમકે આપણા બધાના જાણ્યામાં

ગીજનીના મહમદની બાર સ્વારીઓ આવેલી છે. મરાઠાઓનાં ટોળે ટોળાં દક્ષિણથી તે બંગાળા સુધી લૂંટવાને ફરતાં હતાં, તે પણ હજુ સુધી મનમાંથી ખસ્યું નથી, કેમકે કલકત્તાના બચાવને વાસ્તે તે વખતમાં જે ખાઈ ખોદી હતી તે હાલ પણ છે તેને મરાઠાની ખાઈ કહેછે. ધાડપાડુઓનાં ટોળાં હાથમાં ચળકતા ભાલા અને બળતી મસાલો લેઈને રાત્રે પૈસાદારનાં ઘર ઘેરી લેતાં હતાં. તેઓને જો સઘળી મિલ્કત એકદમ આપવામાં ન આવે તો ઘણી ઘાતક પીડા થાય એવા ઉપાયો કામે લગાડતા હતા, કાન તોડીને વાળીઓ કાઢી લેતા, હાથ પગ બાંધતા કે જેથી સહેલી રીતે નાણું લઈ જવાય.

આવી અવસ્થાને લીધે લોકો પોતાની પાસે જે બચતું તેનાં ઘરેણાં કરાવતા હતા કેમકે તે સહેલથી લઈ જવાય તથા સંતાડાય. આ કારણથી ઘરાણું કરાવવાની ટેવ પડી, અને તે ટેવ આખરે સ્વભાવ થઈ પડી ને આજ સુધી ટકી રહેલીછે.

હિંદુસ્તાન ઊંચી ધાતુની ઘોર છે એવું જે કહેવાય છે તે ખરૂં છે. કેમકે આખી દુનિયાની ઉપજનો ⅙ સોનું અને ⅓ રૂપુ હાલમાં આ કામમાં (ઘરાણું કરાવવામાં) ખર્ચાય છે.

સન ૧૮૮૧ ની પરદેશથી હિંદુસ્તાનમાં આવેલી ખરી આયાત ૪૫૦૦૦૦૦૦૦૦ છે. સન ૧૮૮૪ આખર થએલાં પાંચ વર્ષમાં જે સોનું આવ્યું તે ૨૨૫૦૦૦૦૦૦ ની કીંમતથી વધારે નાણાના આકારમાં આવ્યુંછે, તોપણ જે સિક્કાના આકારમાં આવેલું એવા સોનાના સિક્કા કવચિતજ જોવામાં આવેછે, કેમકે તેનાં ગાળીને ઘરેણાં થાયછે. રૂપાનું નાણું સાધારણ રીતે સિક્કાના આકારમાંજ આપણને પહોંચે છે, તેમાંથી કેટલાક રૂપિયા ફરતા રહેછે, કેટલાક દાટી મે-

લવામાં આવે છે; પરંતુ રૂપિયાની ઘણી સંખ્યા ઘરેણાં કરાવવાને વાસ્તે ગાળવામાં જાય છે. તેનો પ્રત્યક્ષ દાખલો તો એ છે કે શક્રાઈ ધુપશાઈ વિગરે જે રૂપિયાનો વટાવ આવતો તેવા રૂપિઆનાં દરશન પણ થતાં નથી.

આપણા હિંદુ લોકોની તમામ જાતિમાં કેટલીક નઠારી રૂઢીઓને લીધે નાણાંને ગાળીને તેનાં ઘરેણાં કરાવવાં પડે છે તેમાં જે રાક્ષસી નાણું વપરાય છે તેનો કંઇપણ વિચાર આવતો નથી એટલુંજ નહિ, પણ નવાં નવાં ભપકાનાં ઘરેણાં કરાવી નાણાં રોકવામાં આવે છે.

પહેલું આપણે ઘરેણાં કરાવવાનું ખર્ચ થાય છે તે વિષે વિચાર કરીએ. સન ૧૮૮૧ની સાલની વસ્તી પત્રકની ગણત્રી પ્રમાણે હિંદુસ્તાનમાં ૪૦૧૫૮૨ સોની અને ૩૮૪૯૦૮ લુહાર પંદર વર્ષની ઉપરની ઉમ્મરના હતા. હવે તે જુવાન સોનીઓની સરાસરી કમાઇ દરમાસે દર મનુષ્યની ૬ રૂપિયા ઓછામાં ઓછી ગણીએ તો દર વર્ષે ૨૮૯૧૩૯૦૪ રૂપિયા થાય.

જો આ હાનિકારક છોકરવાદી રિવાજ ફેરવી નાંખીએ, અને સોનીને લુહારના કામમાં નાંખીએ તથા તેમની પાસેથી હળ અને બીજાં ખેતીવાડીનાં હથિઆરો સુધરાવીએ તો કેટલો મોટો તફાવત પડે; અને આપણી હાલત કેવી સુધરે! એક તો એ કે ૨૮૯૧૩૯૦૪ રૂપિયા જતા બચે તે જે ભંડોળની જરૂર છે તેમાં કેટલો ઉમેરો કરે? નાણું હોય તો તેનું વ્યાજ આવે, ઘરેણાનું વ્યાજ આવે નહિ, કેમકે નાણું ધીરનાર ઓછામાં ઓછા ૧૨ ટકા ને વધારેમાં વધારે ૩૬ ટકા વ્યાજ પેદા કરી શકેછે. એ બધા રૂપિયા અને તેનું વ્યાજ ઘરેણાં કરાવીએ છીએ તેમાં ઓહીઆં થઈ જાયછે.

માજી મરનાર મહારાજા સિંધીઆએ ઓછામાં ઓછા પોતાના ખજાનામાં રૂ.૩૨૫૦૦૦૦૦ દાટી મેલેલા હતા, તેમાંથી એક કોડી સરખીએ ઉપજ આવતી નહોતી, અને એ રૂપિયા બીન ઉપયોગીઆજ સુધી પડી રહ્યા હતા. મહારાજા મરી ગયા પછી નીમાએલી રીજન્સીએ એ રૂપિયા બ્રિટિશ સરકારને રેલવેનું મોટું કારખાનું કરવા સારૂ ધીર્યા તેના દરવર્ષે ૧૪ લાખ રૂપિયા વ્યાજના પાછા આવેછે અને મુડી તો છે એની એજ છે.

ગૂજરાત પ્રાંતમાં સ્વામીનારાયણની બે ગાદીઓ છે તેમાં એક અમદાવાદમાં અને બીજી વડતાલમાં તે બંનેમાં દરેક ઠેકાણે ત્રણ ત્રણ કરોડ રૂપિયાથી ઓછો ભંડાર નથી. એ ભંડારમાંથી કંઇપણ રકમ બહાર નીકળતી નથી પણ દરવર્ષે તેમાં વધારે થતો જાયછે. એ ધર્મના પૈસાના ખરા માલિક તેના સેવકોજ છે કેમકે તે સર્વે સેવકનું આપેલુંછે. તે પૈસા તેવા સેવકોની સ્થિતિ સુધારવાને ઓછે વ્યાજે આપ-વામાં આવે અથવા ધર્મમાં નીતિ રીતિમાં સુધારો થવાને ખર્ચે તો કેટલો બધો ફાયદો તે પંથ ચલાવનારને ને તે પંથના લોકોને થાય?

ગણતરી કાઢતાં ૨૦૦૦૦૦૦૦૦૦ રૂપિયા હિંદુસ્તાનમાં ભોંયમાં દાટેલા અથવા ઘરેણામાં રોકાએલા ઓછામાં ઓછા છે. તે સર્વે નાણાનું દરેસેકડે દર વર્ષે ૧૨ ટકા પ્રમાણે વ્યાજ ગણીએ તો ૨૪ કરોડ રૂપિયાની રકમ જે આખી જમીનની મહેસૂલની પેદાસ હાલ થાયછે તેના બરાબર થાય.

ઇંગ્લાડમાં એવો ધારો છે કે સોનાનું ઘરેણું કોઈએ કરાવવું નહિ તેથી દરરોજ સોનાનું નાણું સંખ્યાબંધ નવા અને જૂના સિક્કામાં જોવામાં આવેછે.હિંદુસ્તાનમાં રેલવે (લો-ઢાની સડક) બનાવવા વાસ્તે નાણું જોઈએછીએ ત્યારે અહિંના

લોકો તે આપી શકતા નથી, પણ ઈંગ્રેજ લોકોએ હાલમાં ૧૬,૦૦૦૦૦૦૦ રૂપિઆ ધીરેલા છે જેના તેમને ફક્ત દર સેંકડે દર વર્ષે પાંચ ટકા પ્રમાણે વ્યાજ મળેછે તેના કરતાં પણ ઓછું વ્યાજ ગણીએ, તો હિંદુસ્તાનમાંથી વ્યાજની દર વર્ષે ઓછામાં ઓછી ૭૦૦૦૦૦૦૦ રૂપિયાની મોટી રકમ જાયછે. આ બધા રૂપિયા આપણા હિંદુ લોકો ધરેણાં કરાવવા વાસ્તે સોનાના સિક્કાઓ ગાળી દેતા ન હોય તો હિંદુસ્તાનમાંથી વિલાયત જતા અટકે.

એ બે બાબતો બતાવવાને માટે થોડા પૈસાના આંકડાનો દાખલો આપવો જોઈએ આ બે નીચેની હકીકતોનો મુકાબલો કરો.

અ પાસે ૧૦૦ રૂપિયા છે તે સેવીંગ્સબેંકમાં વ્યાજે મૂકેછે, તેને દરવર્ષે દરસેંકડે ૩¾ ટકા કરતાં વધારે વ્યાજ મળતું નથી પણ નાણાને કોઈપણ તરેહની હરક્ત નથી તથા તે જ્યારે જોઈએ ત્યારે પાછું લઈ શકાય છે. ધારો કે તેને રૂ ૧૦૦ જોઇતા હોય તો તે પોતાના રૂપિયા પાછા લઈ શકે તો ફક્ત રૂ.૩-૧૨-૦ વ્યાજનુંજ તેને નુકશાન થાય પરંતુ તે સિવાય બીજું કંઈ પણ આપવું પડે નહિ.

બ રૂ ૧૦૦ ધરેણું કરાવવામાં રોકે છે તો તે ધરેણું બનાવવાની મહેનતના તેને સોનીને ત્રણચાર રૂપિયા તે ઉપરાંત આપવા પડેછે તથા તેનું કંઇપણ વ્યાજ મળતું નથી જો તેને ધરેણાંનું નુકશાન થાય તે જુદું, તે સિવાય એ ધરેણાની ચોરી થવાનો સંભવ હોયછે. જો તેને ૧૦૦ રૂપિયા જોઇતા હોય તો તે ધરેણું ધરેણે મેલી તેટલા રૂપિયા ઉધારે લેછે, તેના દરવર્ષે દરસેંકડે રૂ ૧૨) વ્યાજના આપવા પડે છે.

આ બે માણસની વાર્ષિક સ્થિતિ આ પ્રમાણે બતાવી શકાય છે.

अ રૂ ૩-૧૨-૦ કમાય છે ને ब રૂ ૧૨-૦-૦ તથા ઘરેણાં કરાવવાનું જે ખર્ચ થાય તે સહિત ખુએ છે. પણ આ ઉપર જે બતાવ્યું તેટલુંજ નુકશાન નથી. પૈસા બરાબર રીતે ઉપયોગમાં આણવા તે અનાજના બી જેવુંછે. આ ટીકા બરાબર છે. હિંદુસ્તાનની ગરીબી દશાનું મોટામાં મોટું કારણ એકે લોકો (પૈસા) નાણું ફરતું રાખવાને બદલે દાટી મૂકે છે તે છે. તેના કેટલાક દાખલા આપવા જોઇએ.

अ નામનો એક ખેડૂત ૧૮ રૂપિયા પોતાની કમાઇમાંથી બચાવેછે તે તેના સાધારણ કામમાં આવનાર હળના કરતાં બમણું કામ કરી શકે એવું સારૂં હળ ખરીદ કરવામાં ખર્ચે છે.

घ નામનો બીજો ખેડુત ૧૮ રૂપિયા બચાવે છે તે પોતાનું જુનું અને બરાબર કામ કરી શકે નહિ એવુંજ હળ રહેવા દેછે ને તે રૂપિયાની પોતાની સ્ત્રીને હાથે બંગડીઓ કરાવીને પહેરાવે છે.

क એક વ્યાપારી ૧૦૦ રૂપિયા કમાય છે ને પોતાના વ્યાપારના ભંડોળમાંથી વસ્તુઓ ખરીદ કરવા સારૂ જેની પાસેથી લેછે તેને રોકડા પૈસા આપી વહેલું નાણું આપ્યા બદલ ઓછી કીમ્મતે તપાસ કરી સારો માલ ખરીદે છે.

ड એક બીજો વ્યાપારી ૧૦૦ રૂપિયા કમાય છે તે પોતાની બૈરી સારૂ સોનાની બંગડીઓ કરાવવામાં ખર્ચે છે તે પોતાના વ્યાપારના ભંડોળમાં માલનો વધારો કરતો નથી અથવા માલ જોઇતો હોય ત્યારે ઉધારે લાવે છે તેથી તેનો વટાવ ખુએ છે અથવા કદાપિ સારો માલ મેળવવાનો પ્રસંગ પણ ખુએછે.

ઘરેણાં કરાવવાથી ઘણી લૂંટ તથા ચોરીઓ અને છોકરાં તથા બાઇડીઓના પ્રાણઘાતક બનાવ દરવર્ષે થયાજ જાય છે. માટે નાણું ગાળી ઘરેણું કરાવવું એ નુકશાનકારક છે.

૨૦૦૦૦૦૦૦૦૦ રૂપિયા અથવા વધારે રૂપિયા ઘરેણામાં રોકવમાં આવેછે અને તેમાંથી કંઇપણ ફાયદો મળતો નથી પણ નુકશાનજ થાય છે તે તો પ્રત્યક્ષજ છે. હવે જો તે નાણું ઉધારે માલ લેવાને બદલે રોકડેથી લે તેમાં, ખેડુતના કામનાં સારાં ઓજારોમાં, સારાં ઢોર ઢાંકમાં તથા જે દેવું હોય તેમાં આપવામાં આવે તો હિંદુસ્તાનની કેવી રાક્ષસી ઉપજ થાય અને દેશ સારી સ્થિતિમાં આવે !

પોતાના ગજા ઉપરાંત ખર્ચ કરીને રેહેવું.—સ્માઇલ્સ કહે છે કે "શુદ્ધ ચિત્તનો માણુસ પોતે જેવોછે તેના કરતાં વધારે પૈસાદાર બતાવવાને પોતાની પાસે નહિ છતાં ઉપર બતાવે છે કે, મારી પાસે છે. એવું બતાવતાં અથવા પોતાની જેવી સ્થિતિ છે તેમાં સંતોષ પામવાને બદલે અહંકારની સ્થિતિમાં રહેવાને અચકાશે. બીજા લોકોનાં અપ્રમાણિકપણાનાં મેળવેલાં સાધન કરતાં પોતાનાં પ્રમાણિકપણે મેળવેલાં સાધનમાં રહેવાનીજ તે હિમ્મત ધરેછે; અપ્રમાણિકપણાને તે ખીસા કાતરના જેવું ગણે છે તથા કમાઈ ઉપરાંત ખર્ચ કરવાથી ભૂખે મરવું પડે માટે જેના તેના લાવી ગુજરાન ચલાવે છે તેના કરતાં તે પ્રમાણિકપણે ભૂખે મરવું ઉત્તમ ગણે છે."

ઉપરની ટીકા કેટલાએક કેળવણી પામેલા વર્ગના લોકો જેઓ શહેરમાં રહે છે તેઓને મુખ્યત્વે કરીને લાગુ પડે છે. તેઓના બાપદાદા સાદી જીંદગી જે રીતે ગુજારતા હતા તેવી જીંદગીમાં શરૂઆતથીજ સંતોષ પામતા નથી. તેઓ આબરૂ મેળવવાને વાસ્તે એવું કરવાની જરૂર બતાવે છે. બહારનો દેખાવ બતાવવાને તેઓને જ્યાંથી મળે

ત્યાંથી દેવું કરે છે એવી રીતે તેઓ દુઃખી હાલતમાં આ- વી પડે છે એટલે તેના તાળી મિત્રો બળીઆકાકાનો ચેપી સાંસર્ગિક રોગ છે, એવું ધારી નાસે છે તેવી રીતે તેને જોઈને સંતાઈ જાય છે.

માદક પદાર્થ પીવાને માટે દેવું કરવું એ ઉડાઉનું ખો- ટામાં ખોટું અને ઘણું ધિક્કાર ભરેલું કર્તવ્ય છે.

હામી અથવા જામીનગીરી—જ્યાં જામીનગીરી થોડી હોય તે સારૂં છે. કેટલાક એવા બનાવો છે જેમકે આપ- ણા મિત્રોને મદદ કરવી એ આપણો ધર્મ છે. જો તમે નાણું આપવાને શક્તિમાન હો અને તમારે તે નાણું ખો- વાની ઇચ્છા હોય તો તમે તેમ કરો, પણ તમે જે વચ- ન પાળી શકવાને અશક્ત હો તે વચન આપવાને તથા જે નાણું તમારે દેવું કાઢીને આપવાનું હોય તે કરવાનો ત- મને લગારે પણ હક નથી. ઘણાક માણસો જામીન થવાથી તેઓ પોતે તથા તેમનાં કુટુંબ ખરાબખસ્ત થઈ ગયાંછે.

દેવું થવાનાં બીજાં કારણોમાં આળસ, જુગટું, વાયદો ઇત્યાદિ કારણો પણ જણાવવાની જરૂર છે.

દેવું કરવામાં પાપ.

આ નીચે લખેલાં થોડાંએક સંક્ષેપમાં વર્ણન કર્યાં છે.

૧. પૈસાની ખોટ.—સને ૧૮૮૧ માં ૨૨૧૦૦૦ માણસો હિંદુસ્તાનમાં વ્યાજનો ધંધો કરનારા હતા તે સિવાય બીજા કેટલાએક પોતાનો એ ધંધો છાનો હતો. આવા માણસો પાસેથી જે નાણું વ્યાજે લીધેલું તેનું વર્ષનું વ્યાજ આપવા- ની રકમ ઘણીજ ભારે થાય છે.

ડાક્ટર હંટર કહે છે કે "ઘરેણા ઉપર નાણું વ્યાજે લે તેનો દર સરાસરી આશરે દર સેંકડે દર વર્ષ ૧૨ ટકા ગણવામાં આવે છે."

હિંદુસ્તાનના દરેક ભાગમાં નાણું ધીરનારને વ્યાજની શી રકમ આપવી પડે છે તેની તજવીજ કરવાનું મારૂં કર્તવ્ય છે, તેથી મને માલૂમ પડેલું છે, કે ખેડૂત લોકોને જે થોડી રકમ વ્યાજે લેવી પડે છે તેનું તે જૂના દર પ્રમાણે દર વર્ષે દરસેંકડે ૩૭½ ટકા પ્રમાણે વ્યાજ આપવું પડે છે. જ્યારે ગરીબ લોકો નાણું કાંઈ પણ વસ્તું તેના અવેજમાં આપ્યા વગર ઉધારે લે છે, ત્યારે તે બિચારાને દર રૂપિયે દર મહિને એક આના લેખે ગણતાં દરસેંકડે દર વર્ષે ૭૫ ટકા વ્યાજ આપવું પડેછે.

ગુજરાતના જે ભાગને ચરોતર કહે છે તેમાં અને બીજે ઘણે ખરે ઠેકાણે ગરીબ ખેડૂતો બિચારા બહુ મહેનત કરી અનાજ પકવી તેના માગનારા અને સરકારને હપતામાં ભરી આપતાં પાયમાલ થઈ જાય છે, તેથી જ્યારે જેઠ મહિનો આવે છે ત્યારે તેમનાં છોકરાંને ખાવાને અનાજનો કણુ સરખો એ રહેતો નથી. કેટલાક દિવસ સુધી તો તેમને કડાકાજ બેઠવા પડે છે અને ડોડીની ભાજી વીણી લાવી તેમાં સહજસાજ અનાજનો લોટ નાંખી તેજ પીવું પડે છે. તે બિચારા તેવા વખતમાં પોતાના ધીરનાર પાસે મણ બે મણ દાણા મોસમમાં બમણા ને વખતે ત્રમણા આપવા કરી લઈ આવે છે. એવા લોકોને ધીરવાને વાસ્તે ઘણા-ખરા લોકો દાણા મોસમમાં ઓછી કીમ્મતે ખરીદ કરી રાખે છે અને આવા વખતમમાં ઉપરના ઠરાવ પ્રમાણે આપે છે તેથી તેને સેંકડે ૧૦૦ ટકા લેખે વ્યાજ પાકવેછે, અને પેલા બિચારા પોતે અને પોતાનું આખું કુટુંબ

વંશપરંપરા એવીને એવીજ નઠારી સ્થિતિમાં પોતાના દિવસ ગુજારે છે.

દેવામાં પડવાથી જે ખોટ જાયછે તેના થોડા દાખલા આપવા જોઇએ. એક માણસ જેને દરમાસે ૧૪૦ રૂપિયા પગાર મળે છે તેને દરમાસે રૂ ૩૦) વ્યાજ આપવું પડેછે. બીજો માણસ જેને દરમાસે ૨૦ રૂપિયા પગાર મળે છે તે પોતાના પગારમાંથી ૪ રૂપિયા બચાવેછે. ત્રીજો માણસ જેને ૫૦) રૂપિયા દેવું છે તે દર મહિને રૂ ૩-૨-૦ દેવાના વ્યાજમાં ભરેછે. એ પ્રમાણે ત્રણ વર્ષનો કરાર કરેલોછે તે પ્રમાણે ત્રીજા વર્ષની આખર સુધીમાં તેણે ૧૦૦ રૂપિયા વ્યાજના ભર્યા તોપણ તેનું દેવું જે ૫૦ રૂપિયા તેમાંથી તો કંઈ પણ ઓછું થયું નહિ. આવા દાખલા બંગાળામાં બનેલા છે. હવે એક મદ્રાસનો દાખલો આપુંછું. આશરે આજથી પાંચ વર્ષ ઉપર એક માણસને દરમાસે રૂ૧૨ નો પગાર હતો તેણે પોતાના લગ્ન પ્રસંગે રૂ ૨૦૦) દરમાસે રૂ ૬) વ્યાજના આપવા ઠરાવી કરજે લીધા; કેટલાક વખત સુધી તેણે તે ભર્યા નહિ, તેથી તેનું દેવું વધીને રૂ ૪૦૦) થયું, તેમ તેનો પગાર પણ વધીને રૂ ૧૮) નો થયો ત્યાર પછી તેણે વ્યાજનો દર ઓછો કરાવી દરમહિને રૂ ૭) આપવા ઠરાવ્યા.

કરજદારો કરોડો રૂપિયા દરવર્ષે વ્યાજના આપે છે તેમને ફકત વ્યાજનુંજ નુકશાન નથી, પણ મુડીનું નુકશાન છે. માણુસ મુડી વગર કોઈપણ નફાનો રોજગાર કરી શકતો નથી. જો તે શાહુકારનો કરજદાર હોય તો તે રોકડથી જે જણુસ ખરીદ કરે તેના કરતાં ઉધારે લેવાથી તે જણુસોનો તેને ભારે દર આપવો પડે. હિંદુસ્તાનની ખેતીવાડી ઘણી પછાડી છે ને તે સુધરતી નથી તેનું ખરૂં

કારણ ખેડૂતોને નાણાની તંગી છે તેજછે. સારાં હળ અને મજબૂત ઢોરઢાંક હોયતો તેની પેદાશ બહુજ વધે એ ઉઘાડુંછે.

૨ ફજેતી.-લોંગફેલો પોતાના ગામડાના લુહારને કહેછે કેઃ-

જેનાં ભવાં પ્રમાણિક પરસેવાથી ભીનાં થયાંછે તે ધારે તે પેદા કરી શકે છે.

જેને કોઈપણ માણસનું દેવું નથી તેજ પોતાની આંખથી સઘળી દુનિયાને આનંદથી જુએછે.

બીજી રીતે દેવાદાર તેના માગનારાને ઠરાવ પ્રમાણે ન આપ્યાથી માગનાર તેને ગાળો ભાંડશે તથા ઠપકો દેશે એવી બીકથી મ્હો સંતાડે છે. કેટલીક વખત તો તે પોતાની મેળે સંતાઈ જાયછે, કેટલીકવાર તો પકડાવાની બીકથી આ ઠેકાણેથી આ ઠેકાણે ને આ ઠેકાણેથી આ ઠેકાણે એમ તે ભટકતો ફરેછે. તે પોતાની તથા બીજાની નજરમાં હલકી સ્થિતિમાં પહોચેલો દેખાય છે. તેની જીંદગી હલકી સ્થિતિથી બદલાઈ ગયેલી હોય છે અને ખર્ચ કરેછે તથી તેનું પરિણામ એ થાયછે કે તેજ તેને તુરંગમાં લઈ જાય છે.

૩. જૂઠું બોલવું.—જે માણસ દેવાદાર થાય તેને સાચું બોલવું ઘણુંજ કઠણ થઇ પડેછે. એક માણસ પાસેથી પોતાને જોઈએ એટલું દેવું મળે તે લઈને બીજાને આપેછે, ને બીજાનું લઈ ત્રીજાને એમ પોતે દેવામાંથી છૂટો છે એમ બતલાવવાને કરે છે. જેનું દેવું કરેછે તેને કહેછે કે હું આનું વ્યાજ અમુક દિવસે આપીશ, અને મુદ્દલ અમુક દિવસે આપીશ, પણ જ્યારે મુદ્દતનો વખત આવેછે ત્યારે એ કંઈપણ આપી શકતો નથી. આવી રીતે તેનાં વચન વારંવાર અથવા ઓછામાં ઓછાં વીશ વખત ફરેછે,

તેમાં કેટલું બધું જાહાણું છે? એ વિષે એવું કહેછે કે "જાહાણું દેવું કરનારના માથા ઉપર ચઢી બેસે છે" એ ખરૂંછે.

૪. **જીંદગી સુધીની ગુલામી.**—સોલોમનનું કહેવુંછે કે "દેવું કરનાર જેની પાસેથી ઉધારે લેછે તેનો ચાકર છે." આપણે હિંદુ લોકો એવાતો ટુંકી નજરના છીએ અને આપણા વ્યાજનો દર એટલો તો ભારે છે કે જ્યારે જ્યારે માણસો નાણું ધીરનારના ચોપડામાં નોંધાયછે ત્યારે ત્યારે તેમાંથી છૂટવું મહા મુશ્કિલ થઈ પડે છે, અને નાણું ધીરનાર તેને છોડવાને ઈચ્છતો પણ નથી. તે કમનશીબ દેવાદાર તેના ફાયદાનું એક રમકડું થાય એવું તે ઈચ્છે છે. તે પોતાના લોભને માટે ખેડૂતના અનાજના છોડ પોતાનાથી બની શકે એમ પોતે કબજે લેછે, અને તેને ફક્ત ભૂખમરાથી બચવા જેટલું આપી બાકીનું પોતે લઈ જાયછે. એમ દેવું કરનારા તેની જીંદગી પરિયંત દુઃખ ભોગવેછે, એટલુંજ નહિ પણ એ દેવું તેનાં છોકરાંનાં છોકરાં સુધી પરંપરા ચાલ્યુંજ જાય છે.

૫. **અપ્રમાણિકપણું.**—આપણે જાણીએ છીએ કે દેવું કરવાને અશકત હોઈએ એમ છતાં તે કરીએ તો અપ્રમાણિક કહેવાઇએ, પણ તેના કરતાં વધારે ખરાબ તો એ છે કે દેવું કરનારા તેના માલિકની મરજી સિવાય કરેછે. જે કારકુનો અને બીજાઓને વારંવાર તેમના શેઠ કામે લગાડે છે અને પોતાનાં નાણાં તેમના તાબામાં સોંપે છે તેવા ગુમાસ્તાઓને જલદીથી હિસાબ કરવાનો હોતો નથી તેથી તેમને એમાંથી ઉપયોગમાં લઈ ઉડાવવાની ખરેખરી લાલચ મળે છે. પહેલું તો એ કે કારકુન એવું જાણેછે કે તે જલદીથી પતી જશે અને તે પતાવવાને સારૂ વખત પુષ્કળ છે અને મારી

પાસે મારા શેઠની સીલીક રહેછે તેમાંથી તે દેવું મહિનાની આખરે પાછું વાળી શકીશ એવી ખોટી આશામાં રહેછે, તેથી તે મહિનાની આખરે પણ પાછું વાળી શકતો નથી, માટે પોતાનો હિસાબ શેઠને અટમસટમ મેળવી બતાવેછે, તોપણ છેવટ ઘણું કરી પકડાઈ જાયછે. એવી રીતે ધીરનાર તથા લેનાર કોઈ વખત ખોટા લેખ બનાવવાના ગુન્હામાં સપડાઇ ગએલા જણાયાછે. આ મૂલકમાં જે મોટાં કારાગૃહ છે તેમાં કેટલાક કેળવણી પામેલા, કેટલાક આબરૂદાર માણસો તેમના લેણદારની ઉઘરાણીની બહુ તાકીદને લીધે અપ્રમાણિકપણાથી કેદખાનામાં ગયેલા છે ને જાયછે તે જોવામાં આવેછે.

૬. **કુટુંબની ફજેતી.**—દેવું કરનારના કુટુંબને તે દેવાદારની પેઠેજ દુઃખ ભોગવવું પડેછે. દેવાદાર પોતાના કુટુંબનું બરોબર રીતે પાલણપોષણ પણ કરી શકતો નથી. માગનારા આવશે ને જરૂરની ચીજો લઇ જશે એવી બીકથી તેમનાં મન હમેશાં ગભરાએલાં રહેછે. કેટલીક વખત દેવાદાર પોતાની જીંદગીપર્યંત દેવાવાળોજ રહેછે. તેને બધી વસ્તુઓ વેચી દેવી પડેછે અને પોતાનું ઘર તથા ભાડાનું મકાન પણ તેના કુટુંબને છોડવું પડેછે. બીજી રીતે દેવાદારને દેવાનાં કડવાં ફળ પોતાનેજ ચાખવાં પડે છે એટલુંજ નહિ, પણ તેના મરણ પછી તેનાં બાઇડી છોકરાં પાસેથી બધું જતું રહી તેઓ ચીથરે હાલ થાય છે એટલે અલ્લા એકબદામનાં થઇ ગયેલાં દેખાય છે.

૭. **નીતિની અને આત્મિક ખોટ.**—દેવાદાર એવો તો અકળાઇ જાયછે કે તે પોતાની પરમેશ્વર પ્રત્યેની ફરજો તથા માણસ પ્રત્યેની ફરજોનો વિચાર સરખોએ કરી શકતો નથી.

તેમ પોતાની ચાલ સુધારવાને યત્ન પણ કરતો નથી. કાંઇ પણ સારો ઠરાવ ધારણ કરે પણ આફત આવી પડવાથી એ વિચાર જલદીથી ઉખડી પડે છે તેથી તેને તેનાં ફળ મળતાં નથી. એવું જણાએલું છે કે દેવાદાર અપ્રમાણિક-પણામાં લલચાએલો છે. કેટલીક વખત અસંખ્ય વેદનામાં વિચાર કરતાં તેમાંથી મુક્ત થવાનો શીસો બંધ કરેલો હોય છે તે ઉઘાડી તેનું પાન કરીને દેવાદાર મરે છે. અંગ્રેજ લોકોના બાઇબલમાં કહ્યું છે કે "અપ્રમાણિક માણસ પરમેશ્વરના રાજ્યમાં હમેશાં રહેતો નથી." તેમ આપણાં શાસ્ત્ર વચનોમાં પણ અપ્રમાણિકપણાનો મોટો ધિક્કાર કરેલો છે.

દેવામાં આવી પડેલાઓમાંથી કોઈપણ ખોટું કામ હોય તેવા કામમાંથી થોડાજ બચતા હશે. બીજા ઉપર ઘાતકી બાર મેલવાનું દેખાડતાં અને અપ્રમાણિક રીત ચાલતાં તેમને કાંઇપણ આશ્ચર્ય લાગતું નથી.

દેવામાંથી શી રીતે મુક્ત થવાય.

દેવાદાર કહે છે કે હું ઘણો દીલગીર છું કે એ બાબત સુધારી શકતો નથી.

એમ એ હજારો વર્ષ સુધી દીલગીર થાય તોપણ એક પાઇ સરખીએ દેવામાં તે ભરતો નથી.

પર્વત ઉપરથી મોટો પત્થર નીચે નાંખવો એ સહેલું છે, પણ તે પથરાને ગબડાવતાં ગબડાવતાં ઊંચે ચઢાવવો એ મહા મુશકિલ છે. તે પ્રમાણે દેવું કરવું એ સહેલું છે પણ દેવામાંથી મુક્ત થવું એ મહામુશકિલ છે. હજુ સુધી

બને એવું છે અને જે મહેનત લઇએ તેનું ઇનામ પૂરેપૂરૂં મળશે. દેવાદારને તેના ઉપર જે ન ઊંચકાય એવો દેવાનો બોજો પોતાની મેળે પોતાથી બની શકે એટલો મુક્ત કરવાને પરમેશ્વર મદદ કરે એવો પ્રથમ સંકલ્પ કરવાયો. જો દેવાદાર એ પ્રમાણે કરવાની ઇચ્છા રાખે તો તેણે નીચે લખેલા ધારાનો સ્વતઃ સિદ્ધ અનુભવ કરવો.

૧. પોતાની કમાઇનો અને દેવાનો સંભાળથી અડસટો કરો.—જેને નક્કી પગાર છે તે પ્રથમથીજ અડસટો બરાબર જાણી શકેછે, પણ કેટલાની કમાઈ જેવી કે ખેડૂત, દુકાનદાર, ઈત્યાદિનીમાં ફેર પડે એવી છે. આ પછાડીની ખરી સરાસરી લેવી, પણ કમાઈનો અડસટો ઉલટો સૂલટો લેવો જોઇએ. કેટલાક આશાવાળા માણસો હોયછે. તેઓ જે પૈસો મેળવે છે તેના કરતાં વધારે મેળવવાની આશાનો આધાર રાખે છે, તેથી દરવર્ષે વધારેને વધારે ઉમેરતા જાય છે.

દેવાનો ખરેખરો હિસાબ બનાવીને તૈયાર રાખવો જોઇએ. કેટલાક દેવાદારને આ વિષે મનમાં વિચાર સરખોએ આવતો નથી. તેઓ નાણું ઉધારે લેછે અને તેનાં બીલ ઘણે ઠેકાણેથી આવવા દેછે તથા તેની જવાબદારીની તેઓ દરકાર પણ રાખતા નથી.

જો દેવાદારને ઘણા માગનારા હોય તો કોનું માગણું જલદીથી પતાવાય એવું છે ને કોણ વધારે દબાણ કરેછે તેનો વિચાર કરીને તેણે તેજ પહેલું પતાવવાનો ઉપાય કરવો જોઇએ. દેવાદારે બધી વાત પોતાના મનમાં રાખવી એ બસ નથી. પણ તેણે એક હિસાબની ચોપડી રાખી તેમાં તારીખવાર લખી રાખવું, ત્યાર પછી તેણે જોવું જોઇએ

કે આવું કરવામાં વખત રોકવાથી કયો ફાયદો મેળવવાનોછે.

૨. તમારા મન સાથે એવો ઠરાવ કરો કે જેથી તમારૂં ખર્ચ નિયમસર રાખવાને તમે શક્તિવાન થાઓ, એટલે દરમહિને તમારે ફક્ત દેવાનું વ્યાજજ આપવું એમ નહિ પણ મુદ્દલમાંથી કંઇ પણ ભાગ ઓછો થાય એમ કરવું જોઇએ. આ બાબત ઉડાઉ અથવા વધારે છૂટા હાથથી ખર્ચ કરનારને સખ્ત મુશીબત છે, તોપણ આજ ફક્ત ફતેહ પામવાનો રસ્તો છે. જો એવું કરવાનો યત્ન કરે તો તે પાર પડે છે. તેલંગી ભાષામાં એક ઉખાણો છે કે "દેવું કરીને મિષ્ટાન જમવાં તેના કરતાં દેવું ન હોયતો પણ મીઠું નાંખેલી કાંજી પીવી ઉત્તમ છે." ધારો કે એક માણુસ રેલના પાણીમાં ડૂબી જવાની ધાસ્તીમાં હોય એટલામાં રેલનાં પાણી ઓછાં થઈ જાય તો તેને કેટલી બધી ખુશી અથવા આનંદ થશે? તેમજ જે માણુસ દેવામાં ડૂબે છે તે તેમાંથી મુકત થાય તો તેને તેવીજ ખુશી થાય.

જે માણુસો સાધન વગર ગુજરાન ચલાવે છે તેમને આખરે કરકસર કરવીજ પડેછે. જો તેઓ નિયમિત વખતે મન મારવાનો યત્ન કરતાં શીખશે તો તેઓ ઘણી ઓછી પીડા ભોગવશે.

ફક્ત દેવાનું વ્યાજજ આપવું એ બસ નથી. કેમકે કેટલીકવાર સુધી મુદ્દલનું બરોબર વ્યાજ આપ્યા છતાં દેવું તો તેનું તેજ રહેછે, પણ વ્યાજ સાથે મુદ્દલ ઓછું થતું હોય તો ધીમે ધીમે દેવું પણ સાફ થઇ જશે.

ધારો કે એક માણુસની દર માસે ૩૦ રૂપિયા કમાઈ છે પણ તેને ૨૦૦ રૂપિયા દેવું છે. તેનું તે દરવર્ષે દરસેંકડે ૧૨ ટકા વ્યાજ આપેછે, અથવા મહિને બે રૂપિયા વ્યાજ

ભરેછે. તે માણસ પોતાના મન સાથે એવો ઠરાવ કરે કે હું રૂ.૨૪)થી ગુજરાન ચલાવીશ અને ચાર રૂપિયા જૂદા રાખી જ્યાં સુધી દેવું નાબુદ થાય ત્યાં સુધી એમજ કર્યા કરીશ તો આ બાબતનું દરમહિને વ્યાજ ગણી બતાવી યથાસ્થિત દર્શાવીએ તો ઘણું લાંબું થાય તેથી દરવરસનો વાર્ષિક આડસટો કરીએ તો નીચે પ્રમાણે થાય છેઃ—

	આપેલી રકમ.		આપવાની
	વ્યાજ.	મુદલ.	બાકી રહેલી રકમ
પહેલા વર્ષની શરૂઆતમાં	૦	૦	રૂ ૨૦૦
પહેલા વર્ષને અંતે...	રૂ ૨૪	રૂ ૨૪	રૂ ૧૭૬
બીજું ,, ,,	રૂ ૨૧	રૂ ૨૭	રૂ ૧૪૯
ત્રીજું ,, ,,	રૂ ૧૮	રૂ ૩૦	રૂ ૧૧૯
ચોથું ,, ,,	રૂ ૧૪	રૂ ૩૪	રૂ ૮૫
પાંચમું ,, ,,	રૂ ૧૦	રૂ ૩૮	રૂ ૪૭
છઠ્ઠું ,, ,,	રૂ ૫	રૂ ૪૩	રૂ ૪.
કુલ	રૂ ૯૨	રૂ ૧૯૬	

આ ઉપરથી માલૂમ પડશે કે છઠ્ઠા વરસમાં સઘળું દેવું પતી જશે અને વ્યાજ રૂ ૯૨) આપવું પડેલું છે. જો કરજદાર ફકત વ્યાજજ ભરતો હોય તો છ વરસમાં ૧૪૪ રૂપિયા વ્યાજ થાય તે જતાં પણ દેવું તો તેનું તેજ ઊભું રહે તેટલા માટે મુદલ જેમ બને તેમ ઓછું કરવું એ અતિ અવશ્યનું છે. જો તે મુદલમાં ૬ રૂપિયા આપવા ધારે તો ચાર વરસની અંદર તમામ દેવું પતી જાય અને વ્યાજના ફક્ત ૫૮ રૂપિયાજ આપવા પડે.

૩ જો બની શકે તો દેવું કરવામાં તમારૂં ઘરેણું ગીરો મૂકોછો ને વ્યાજ આપવું ઠરાવી રૂપિયા લોછો તે કરતાં ત વેચી નાંખો તો ઘણોજ ફાયદો થાય.—માણસો બાઇડીઓને અજ્ઞાન રાખે છે તેથી તેમને ઘણી પીડા ભોગવવી પડેછે. ઘરેણું એ તેમની ઇચ્છાઓનો મોટો હેતુ છે. આપણી સ્ત્રી તેની પોતાની બેન જે **શ્રીમંત**ની સાથે પરણી હોય તેને જેટલાં ઘરેણાં હોય તેટલાં મળ્યા સિવાય સંતોષ પામતી નથી.

આપણે ઉપર બતાવ્યું છે કે કેટલા કરોડ રૂપિયા ઘરેણામાં દરવરસે ખોવામાં આવે છે! અજ્ઞાન સ્ત્રીઓ ઘરેણું વેચવાની સંમતિ આપવાને પોતાનું લોહી આપવાની બરાબર ગણે છે, એટલે જીવ જાય પણ ઘરેણું આપતી નથી, પણ જો તેમના ધણી આવી રીતે મૂર્ખાઇથી ઘરેણાનો અવેજ રાખી દેવું કરેછે તેના કરતાં દેવાથી ચોખા થવાય તો સહીસલામત રહી શકાય એવું જ્યારે તેમને યથાસ્થીત સમજણ પાડી બતાવવામાં આવે, ત્યારે તેમાંથી કેટલીક સમજણી સ્ત્રીઓ એ ઘરેણાનો ભોગ આપવાને તેમના ધણી સાથે મળતી આવે. સર્વ બનાવોમાં ધણીએ પ્રયત્ન કરવો જોઇએ. આવી રીતે ગમે તે પ્રકારે અર્ધા વખતમાં દેવું સફાઇબંધ થઈ જાય (જતું રહે).

ધણીઆણી હમેશાં તેના ધણીના કામકાજની ખરી હકીકત જાણે છે તેથી તેની સલાહ ઉપયોગી હોયછે અને તે ખર્ચ વ્યવસ્થાપૂર્વક નિયમસર રાખે છે. સ્ત્રી ઘરનો પ્રધાન છે તે યોગ્યજ છે અને તેના આધાર ઉપરજ ઘર સંસાર ચાલે છે.

૪. તમારી કમાણી ઉત્તમ રીતે કેમ ખર્ચવી તેનો વિચાર કરો—દરેક નિયમસર ચાલનારા રાજ્યમાં ખર્ચના

અડસટાનો હિસાબ રાખવામાં આવેછે. એમાં વર્ષ દિવસની કમાણીનો ને ખર્ચનો અડસટ્ટે આંકડો મેલેલો હોયછે, અને દરેક ખાતામાં અડસટ્ટાનો મુકરર આંકડો રાખેલો હોય છે, તે ઉપરથી કેટલું મળ્યું તે જણાય છે; જેમકે કેળવણી ખાતામાં આટલા રૂપિયા, રેવન્યુ ખાતામાં આટલા રૂપિયા, પોલીસ ખાતામાં આટલા રૂપિયા, ઇત્યાદિ. આ માર્ગથી જણાઈ આવે છે કે ઊપજ જેમાં ફાયદો થાય તેમાંજ વપરાઈ છે. દરેક કુટુંબે પોતાનુ બજેટ એટલે ઊપજ ખર્ચનો અડસટ્ટો આ પ્રમાણે કરી રાખવો જોઇએ; અને તેનાં મુખ્ય ખાતાં, ઘર, ભાડું, કર, ખોરાક ને સરસામાન જે ઘરના કામમાં આવેછે તે, લૂગડાં, છોકરાંને કેળવણી આપવાનું, ધર્મ કરવાનું, પરચૂરણ ખર્ચ, ફાજલખાતું એમ અંદાજાનો આંકડો મન સાથે નક્કી કરીને રાખવો જોઇએ; અને તેમની દરેક રકમ પણ ઊપજ ઉપર આધાર રાખી મુકરર કરી રાખવી જોઇએ. દરેક ખાતું સંભાળથી વિચાર કરીનેજ રાખવું અને તેનો આંકડો પણ વિચાર પૂર્વકજ રાખવો. છેલ્લી બે બાબતો અથવા ખાતાં વિષે થોડીએક હકીકતનો ખુલાસો કરવાની જરૂર છે.

પરચૂરણખાતું.—દરમહિને નહિ ધારેલું એવું થોડું ખર્ચ હોય છે; જેમકે કોઈ મેમાન આવે ત્યારે તેની પરોણા ચાકરીમાં ધારા કરતાં વધારે ખર્ચ થાય, દીવો કરવાનું ફાનસ ભાગી ગયું હોય તે નવું લાવવું હોય કે દુરસ્ત કરાવવું હોય ઇત્યાદિ. આ બાબતના ખાતામાં કેટલું ખર્ચ થાય તેને વાસ્તે પ્રથમજ નક્કી કરી રાખવું જોઇએ. જે ખર્ચ થાય તેના ઉપર બારીક સંભાળ રાખવી જોઇએ. જો એમ નજર ન રખાય તો તે વધી જાય. દરેક રકમ ગણીએ તો નાની હોય છે પણ તેનો સરવાળો મોટો થાય છે.

એ વિષે કહેવાય છે કે જો પાઈ પાઈની સંભાળ રાખીએ તો એક રૂપિયો પોતાની મેળે બચી શકે.

ફાજલખાતું.—દૂરન્દેશી અને ટૂંકી નજરના એટલે આ-ગળથી લક્ષપૂર્વક અવલોકન ન કરનાર અને ઉતાવળ કરી ઉપર ઉપર જોનારામાં તફાવત એછે, કે પહેલાં જે એ। ચિંતુ ખર્ચ આવી પડે તેને વાસ્તે પ્રથમજ વિચાર કરી તૈયારી કરી મેલે છે, ને બીજા તેમ કરતા નથી. પહેલા એ બાબતને માટે દરગહિને પાંચ રૂપિયા રાખી મૂકે છે ને બીજા તેને વાસ્તે કંઈ રાખતા નથી, તેથી કરીને કોઈ ખર્ચ આવે તો દરગહિને પાંચ રૂપિયા જતાં બીજા દર-માસે રૂ ૫) વ્યાજના વધારે આપવા પડે છે, એથી તે-મને પોતાને બમણું નુકશાન થાય છે.

જે માણસને દેવું હોય તેની પહેલી ફરજ એ છે કે તે અદા કરવું.—જો તે જલદીથી ફીટી જાય તો બીજા કામમાં ખર્ચવાને શક્તિવાન થાય ત્યારેજ ફાજલખાતું શરૂ કરવું. આ બાબત ઊપજનું પ્રમાણ, આજુબાજુની હકીકત અને સ્થિતિ ઉપર આધાર રાખે છે. એક જુવાન માણસ જેને એક અથવા બે છોકરાં છે તેણે પોતાની કમાણીનો ⅓ (ત્રી-જો ભાગ) તેના કુટુંબને કેળવણી આપવાના ખર્ચને માટે રાખવો, અને પોતાના મંદવાડ તથા વૃદ્ધાવસ્થાને માટે પ-ણ કાંઈક રાખવું જોઇએ. જ્યારે કુટુંબનું ખર્ચ ઘણુંજ ભારે હોય તો તેનું પ્રમાણ ઓછું જોઇએ, તોપણ ખર્ચ પોતાની કમાણી કરતાં વધારે તો કરવો નજ જોઇએ.

ફાલતું અથવા ફાજલખાતાનું.—નાણું સેવિંગસબેંકમાં વધારે સહીસલામત રહે છે તેના ફાયદા અને ધારા જૂદા-જ મથાળા નીચે ખુલાસાવાર કહેવામાં આવ્યા છે.

૫. પોતાની પાસે જે આવ્યું હોય ને ખર્ચ થાય તેનો હિસાબ રાખો એટલે નામું લખવાનો રિવાજ રાખો.—લોક કહેછે કે માણસ પોતાની પાસે પોતાના ખર્ચખૂટણની વ્યવસ્થા નિયમિત રીતે ચાલવાને હિસાબ રાખવા માટે નામું લખવારૂપી કંપાસ નજર આગળ રાખેછે એના જેવું પોતાની નાણા સંબંધી સ્થિતિ માપવાનું બીજું સાધન નથી. દરરોજ તમે શું ખર્ચ કર્યું તે લખો. કેટલાકને "વખત નથી મળતો માટે છૂટ માગે છે, પણ એ તેની એકલી મરજી છે. થોડાક માણસ ઘણી મહેનત કરે છે અથવા પોતાની ઉપજ ઉપર લક્ષ રાખે છે તેથી તે વધારે સારૂં કરે છે, અને તેમને ક્ષણની પણ નવરાશ મળતી નથી છતાં પણ તેની ૮૭ વર્ષની ઉમરે મૃત્યુ થાય તેના છેલ્લા વર્ષમાં પણ બરાબર નામું રાખી શકે છે. જ્યોર્જ વાશિંગ્ટન યુનાઈટેડ સ્ટેટ્સનો પ્રમુખ હતો, તોપણ તે પોતાના ઘર સંબંધીના ખર્ચનો હિસાબ બારીકીથી તપાસતો હતો. ડ્યૂકઓફ વેલિંગ્ટન પોતાનું વિગતવાર અને બરાબર જે નાણું આવ્યુ ને ગયું તેનો હિસાબ રાખતો (નામું લખતો). દેવા વિષે વાત કરતાં એ કહેતો હતો કે દેવું માણસને ચાકર નહિ પણ ગુલામ કરે છે. મારા જાણવામાં વારંવાર આવ્યું છે તે એ કે પૈસાની તંગીમાં ઘણીવાર આવી ગયોછું પણ હું કોઈ દિવસ કરજદાર થયો નથી.

ઘણા ગરીબ માણસો એવું ધારે છે કે તેમને પોતાની કમાઈ અને ખર્ચનો બરાબર હિસાબ રાખવાની કંઈ પણ જરૂર નથી એ એમની મોટામાં મોટી ભૂલ છે.

ગરીબ માણસે તો દરેક પાઇ જે મળે તેની બહુજ સંભાળ રાખવી જોઇએ. મહિનાના ખર્ચની દરેક રકમમાં

ખર્ચ અથવા ઉપજની રકમમાં વિગતવાર ગતલબ ઉમેરવી જોઇએ કે તેમાંથી કયું ખર્ચ ડહાપણ ભરેલી રીતે ઓછું થાય અને કયાં વધારે થયું છે તે જણાઈ આવે છે. તમાકુ અથવા પાન સોપારીનો ખર્ચ જોઇએ તેના કરતાં વધારે થયોછે એમ માલમ પડે ત્યારે સવાલ પૂછાયજ કે એ વધારે ખર્ચ શેમાં થયો છે? તેથી નીરાકરણ થાય કે તે નજ કરવો.

૬. **જે કંઈ વેચાતુ લ્યો તે રોકડેથી લ્યો.**—ઉધારે લીધાથી ઘણા નબળા મનના મનુષ્યો જે વસ્તુ હાલ જરૂરની નથી ને હાલ નાણું રોકડું આપવાનું નથી એવી લાલચને લીધે મન સ્વાધીન રાખી શકતા નથી, તેથી તેઓ ખરાબ-ખસ્ત થઈ ગયા છે. જ્યારે માણસને ખરીદેલી વસ્તુના પૈસા તરતજ આપવા પડેછે, ત્યારે તે ખરીદવાની જરૂર છે કે નહિ તેનો બેવાર વિચાર કરેછે. તેના બીજા પણ ફાયદા છે. જો તમે દુકાનદારની પાસેથી ઉધારે લ્યો તો તમારે તેની પાસે જઈ તે જે પસંદ કરીને આપે તે લેવાની જરૂર.પડે, રોકડેથી લેવા જાઓ તો સામાન જ્યાંથી સસ્તો ને સારો મળે તે લઈ શકો, અને તે સિવાય તેમને રોકડા પૈસા આપો તેથી સેંકડે ૧૦ ટકા વટાવ રોકડા પૈસાપર તમને મળે.

૭. જે સામાન લ્યો તેની કીમ્મતનો તથા તેના પોતનો વિચાર કરજો.—જો એક ધોતીજોડો ૬ રૂપિયાની કીમ્મતનો ને દોઢ વરસ સુધી ફાટે નહિ એવો હોય તેજ ધોતીજોડો ૪ રૂપિયાની કીમ્મતનો હોય ને ૮ માસ ચાલી શકે એવો હોય તેના કરતાં સારો છે. જે ઘરમાં સારી હવા ને અનુકૂળતા ન હોય એવા હલકા ભાડાના મકાન કરતાં હવાવાળું ને અનુકૂળતાવાળું ભાડાનું મકાન જેનું ભાડું વધારે હોય તોપણ તે સારૂં છે.

૮. હરાજીમાં હાજર રહેવાનું તથા દુકાનોમાં રખડ-વાનું બંધ કરો.—જ્યારે માણુસો વેચનારાની દુકાને જાય છે ત્યારે તેને જરૂર નથી એવો માલ ખરીદ કરવાનું મન થાયછે, કારણુ કે તે ધારેછે કે એમાં નફોછે. દુકાનોમાં આપણે નહિ જરૂરની એવી વસ્તુઓ મેલેલી વારંવાર આપણા જોવા-માં આવેછે તેમાંની કોઈ પણુ વસ્તુ લેવાની લાલચ થાય ત્યારે તમે તમારા મન સાથે એમ કેમ વિચાર કરતા નથી કે આ હું લઇ શકીશ? તેના વગર મારે ચાલશે કે નહિ? જ્યારે સોક્રેટીસે ઘણો સારો સરસામન તથા બીજો કીમતી અસબાબ આથેન્સમાં જોયો ત્યારે તેણે કહ્યું કે હાલમાં હું ઘણી વસ્તુ જોઉંછું તે લેવાની હું ઇચ્છા રાખતો નથી. આ કહેવત તમારા ધ્યાનમાં રાખો કે જેની જરૂર નથી તેવી વસ્તુઓ ખરીદ કરે છે અને જેની જરૂર છે તે ખરીદ કરી શકતો નથી એવો મનુષ્યનો સ્વભાવ છે. વળી સો રૂપિયાની જણુસ આપણે કામની નથી તે એક રૂપિયે મળે તોપણુ તે લેવીજ નહિ એવી પ્રતિજ્ઞા કરો.

૯. માદક પ્રવાહી પદાર્થો પીવામાં તથા ગાંજો ને તમાકુ પીવામાં પૈસા ખર્ચશો નહિ.—પ્રાચિન ગ્રીક લોકોની કહેવત છે કે "પાણી ઉત્તમ છે." સેંકડો વરસ થયાં ભાર-તવાશી હલકી જાત કરતાં ઉંચી જાતના સાક્ષર લોકો વ્યસન વગરના હતા. કમનશીબથી હાલમાં માદક પદાર્થ પીવાનો અથવા છાકટા થવાનો કેળવણી પામેલામાં વધારો થતો જાય છે તેથી કેટલાક લોકો જુવાનીમાં સ્વર્ગવાશી થયાછે ને થાય છે, અને તેમનું કુટુંબ ખરાબખસ્ત થઈ જાયછે. હિંદુ લોકોએ તેમના બાપદાદાના ડહાપણુ ભરેલા આ બાબતના દાખલાને ચુસ્ત રીતે વળગી રહેવુંજ જોઇએ.

તમાકુ એ માદક પદાર્થના જેટલી નુકશાનકારક નથી અને થોડાક બનાવોમાં તે ફાયદાકારક ગણાતી હશે તો-પણ ધાર્યા તરીકે એનો ઉપયોગ કરવો જોઇએજ નહિ. આજથી આશરે ૩૦૦ વર્ષ પહેલાં આ દેશમાં એને કોઈ ઓળખતું નહોતું. એ થોડી પણ પીવામાં આવે તો જુ-વાન માણસોને નુકશાન કરેછે. તેનો સ્વાદ લેવાનો પણ યત્ન કરશો નહિ તો તેની ગરજ કદી પડવાની નથી. કહેવત છે કે "ખાય તેનો ખૂણો, પીએ તેનું ઘર, સુંઘે તેનાં લૂગડાં એ ત્રણે બરાબર."

અફીણ એ કેટલેક દરજ્જે દારૂના કરતાં પણ ઘણું ખરાબ છે તેનો કોઇ પણ ધાટમાં ઉપયોગ કરશો નહિ.

ગાંજો ને ભાંગ પણ એવાંજ માદક છે અને તે પણ શરીરને નુકશાન કર્તા છે એટલુંજ નહિ, પણ માણસના મંધાને હિણુપત કરે છે, માટે ધર્મને બાહાને કે હરકોઈ પ્રસંગમાં તેનાથી દૂરજ રહેજો.

૧૦. જામીનગીરીથી દૂર રેહેવું.—આ બાબત કેટલીક ટીકાઓ અગાઉ કરેલી છે. ખસુંસ કરીને સંભાળ રાખવાની જરૂર એ છે કે જે માણસ આ બાબતમાં તમારી મહેર-બાની માગે તે માણસ તમારા ખરેખરા ઓળખાણનો છે, અને તે વાયદાનો વેપાર કરતો નથી તથા પ્રમાણિક છે, અને દેવા રહિત હોય તોજ તેના બેલી થજો. સોલોમને કહ્યું છે કે "અજાણ્યા મનુષ્યનો જે જામીન થાય છે તેને ઘણો ખેદ થાય છે." માટે જામીનગીરીને જે ધિક્કારે છે તેજ ખરેખરો નર છે.

૧૧. ના કહેવાનું શીખો.—સ્માઇલ્સ કહેછે કે "માણ-સને સલાહ સંપ અને સારી રીતે રહેવાને વાસ્તે ખરે

વખતે વાજબી રીતે ના કહેવાને શક્તિમાન થવું એ ઘણું-જ જરૂરનું છે.” આનો ઉપયોગ ન કરવાથી ઘણા ખરા ખરાબખસ્ત થઈ ગયા છે, કેમકે તેઓ ના કહી શકતા નથી. જ્યારે કોઈ વસ્તુ લેવાની તમારી મરજી થાય પણ તે લેવાને તમારી પાસે સાધન ન હોય તો કહો કે ના. જો તમે તમારૂં દેવું વાળવાને ઇચ્છતા હો ને એક મહિનાનો હપતો આપવો નહિ એવા વિચાર આવતા હોય તો કહો કે ના. તમારી સ્ત્રી તથા છોકરાં લૂગડાં અને બીજી વસ્તુઓ વિષે તમારી પાસે માગતાં હોય ને તમારી લાવી આપવાની સત્તા ન હોય તો કહો કે ના. જો તમારી પાસેના પૈસા ખાલી નકામા તાકીદથી બ્હાર મેલવાની મરજી થાય તો કહો કે ના. જ્યારે દુર્ગુણ અથવા કોઇપણ જાતનો લોભ કરવામાં તમે પડો તો હિંમતથી કહો કે ના. કોઈ પણ લાલચ, આળસ, મોજશોખ, બેવકૂફાઈ, નઠારી રસમ એમાં ખેંચવાનું મન થાય તો તેને એકદમ જવાબ દો કે ના. એજ ફક્ત લાલચ મટાડવાનો ખરો રસ્તો છે. પહેલી વખતે પ્રયત્ન કરીએ છીએ ત્યારે કચુંપચું થાય છે, પણ જ્યારે તેનો ઉપયોગ કરીએ છીએ ત્યારેજ તે મજબુતીમાં આવી સધૃઢ થાય છે.

હિંદુસ્તાનમાં ઘણાં ખરાં માણસો પૈસા ખુએ છે તથા દેવાદાર થાયછે, કારણ કે તે માણસોને ના કહેવાની હિંમત નથી. સ્વતંત્રતા ને હિંમતની જરૂર છે. તે ફક્ત પૈસા બચાવવા વાસ્તે નથી પણ ઘણાં સારાં પરિણામ અથવા ફૂલો જે આપણી આસપાસ થાય છે તે તેથીજ પૂરાં થાય છે.

લોકો ફર્યાદ કરે છે કે દેશ દિવસે દિવસે નિર્ધન થતો જાય છે તેનું કારણ જેમ સરકાર ઉપર કેટલાક દોષ મેલાય છે

તેમ તેવું થવાનો આ પણ એક મુદ્દો છે, તે એ કે કેટલાક વધારેમાં વધારે ખર્ચ થાય એવી રીતિઓ જે અંગ્રેજ લોકની છે તે દાખલ કરી તે પ્રમાણે ચાલે છે તથા તે ચાલ દૃઢ થવાને પ્રયત્ન કરે છે; જેમકે તેમની પેઠે ખાવું, પીવું તથા વર્તવું એ તે લોકોને કદાપિ લાભકારી હશે પણ આપણને તો એ ખરેખરૂં હાનિકારકજ છે.

જે નવી રીતિ તેઓ ભોગવે છે તે તેમના બાપદાદાની ચાલતી આવેલી પૈસા સંબંધીની સ્થિતિની રીતિથી ઘણીજ જુદી ભભકા બતાવનારી ખર્ચાળ છે.

૧૨. તમે ઉદ્યોગી થાઓ.—આ વાસ્તવિક ફતેહને હાથમાં લેવી જોઇએ. સોલોમન કહે છે કે "ઉદ્યોગી હાથ તાલેવર બનાવે છે." ઊંઘને ચહાશો નહિ કેમકે તે તમને ગરીબી દશામાં નાંખશે. ઉદ્યોગને સારી રીતે દોરી જવો જોઇએ. નિયમિતપણું, વખતની બરાબર ગોઠવણ તથા મહેનત એ ઘણાં જરૂરનાં છે. મંડ્યા રહેવું એ પણ જરૂરનું છે. ઉદ્યોગ ને ઉત્તેજન જોઇએ એટલું નથી? ખ્રાફીશ કહે છે કે "આળસની સામું રહેવું એ ઉત્તમ છે." માટે જીંદગીની જરૂરીઆત વિષેનાં મૂળતત્વ ખચીત મનમાં ઉતારવાં જોઈએ. જ્યારે જ્યારે માણસ દુનિયા વિષે બોલે ત્યારે ત્યારે તેણે એમ જાણવું જોઇએ કે હલકી બાબતો વિષેની એ જગા નથી પણ શુભ કૃત્ય અને જરૂરની ફરજો બજાવવાની જગા છે. આળસ તો માણસને પાયમાલ કરવાને અને નિરંતર સુખનો નાશ કરવાનેજ દોરી જાય છે.

૧૩. પરમેશ્વરની મદદ માગવી.—નીતિના ફેરફારમાં અસરકારક સુધારો થવો જરૂરનો છે. દેવાનાં પાપ ખરેખરાં લાગે છે. જો કે ઘણા ઉડાઉ તેમના દેવાનો બોજો ઉ-

તારવાને યત્ન કરે છે તો પણ ઘણી ત્વરાથી તે બોજો તેના ઉપર પાછો બમણો લાવતા જાય છે. વાવણીના એક જાતના ઓજારની માફક દેવાનો બોજો ગરબડા કરે છે. આવા માણસને પૈસા ધીરવા એ નકામા ગુમાવવા તે કરતાં પણ ખરાબ છે. જો કે માગનારા જલદીથી નાણું લેવાની સખ્ત ઉઘરાણી કરે છે તોપણ ફરીથી તેમની પાસેથીજ દેવાદાર ઉધારે લેવા જાય છે.

આ દુરગુણ દૂર કરવાને એકલી કેળવણીજ બસ નથી કેમકે કેટલાક સર્વવિદ્યોત્તેજકાલયના મોટા ખિતાબ પામેલા અજ્ઞાન ખેડૂત વર્ગ કરતાં પણ વધારે પૈસા ધુળપાણીમાં નાંખી દેછે અને ઉડાવેછે. જ્ઞાનશક્તિનું ખેડાણ એ નીતિવાન ચાલ ઉપર થોડી ઘણી અસર કરેછે.

લલચાવાના પ્રતિકુળ સ્વભાવને વશ થઈ તમારી પોતાની શક્તિ ઉપર તમે અવિશ્વાસ રાખો છો, માટે પ્રતિદિન તમારા પરમપ્રભુપરમેશ્વરને કહો કે હે પ્રભુ! તું મને ઉપર પકડી લે કે હું સહીસલામત રહું. આ પવિત્ર કબુલત કરતી વખત ગએલી તમામ બાબતની ખરાબ વર્તણુકને હમેશાં યાદ કરવીજ જોઇએ, કે ફરીથી તેવી વર્તણુકથી વર્તવામાં આવે નહીં. ઉપરની સમજુતીઓ આપી છે તે ધ્યાનમાં રાખ્યાથી તથા હમેશાં ઈશ્વરની પ્રાર્થના કરવાથી દેવદાર માંહેના ઘણાખરા ઘણે દરજ્જે દેવાના જે જોખમમાં હોય છે તેમાંથી કેટલેક દરજ્જે સ્વતંત્ર થાય છે.

સ્પષ્ટીકરણ દાખલા.

મોટા માણસો દેવાથી કેવા ને કેવી રીતે સંકટમાં આવ્યા છે તે જુઓ. સર વોલ્ટર સ્કોટની જીંદગાનીમાં ઘણીજ મનને લાગણી થાય એવી વાર્તા જે રીતિ તેણે ચલાવી

હતી તેથી જણાય છે. તે કોન્સ્ટેબલ એન્ડ કોસોલીસીટરની પેઢીમાં ભાગીઆ તરીકે પ્રસિદ્ધ હતો. તેમાં નાઉમેદ થયાથી તેને માથે મોટું સંકટ આવ્યું હતું, તેથી તે ઊંડી ગુંચવણમાં આવી ગયો હતો. તેણે આબોટસફોર્ડમાં ભવ્ય મકાન બાંધ્યું હતુ અને તેની આસપાસની જમીનનો તેજ માલીક થયો હતો, તે તે પ્રાંતનો શેરીફ પણ હતો, અને ધારતો હતો કે તે ખરેખરો તાલેવર મનુષ્ય છે. જ્યારે એકાએક કોન્સ્ટેબલ એન્ડ કોની દુકાન ભાગી અને તે પોતાની મેળે દુનિયાનો ૧૦૦૦૦૦ પૌંડથી વધારેના દેવાના ખાડામાં આવી પડ્યો, ત્યારે તેણે પોતાનો મિત્ર જે તેના ઉપર આસ્તા રાખતો હતો તેને કહ્યું કે આ ઘણું કઠણ છે. તેણે પોતાની જીંદગી પર્યંતની મહેનત દેવામાંજ ગુમાવી અને અંતે તે ગરીબ માણસ થઇ ગયો, તોપણ તે હિમ્મતથી પોતાના મિત્રને કહેતો હતો કે પરમેશ્વર મારી તંદુરસ્તી રાખશે અને શરીર ને મનની મજબુતી થોડાં વરસસુધી આપશે તો હું મારૂ તમામ દેવું ઓછું કરીશ એમાં શક નથી. સર્વ માણસો મનમાં વિચારતા હતા કે એ પાયમાલ થઈ ગયોછે અને તેના મનમાંપણ એજ પ્રમાણે આવ્યું હતું, તો પણ તેણે હિમ્મત મૂકી નહતી. જ્યારે તેના માગનારાઓએ દેવાનો કંઇક ભાગ આપવાથી તે તમામ દેવા ઉપરથી પોતાના હાથ ઉઠાવવાની દરખાસ્ત કરી ત્યારે તેણે પ્રમાણિકપણાની નિશાનીથી લગાર પણ છૂટ મૂકવાની મંજુરી આપી નહિ. તેણે કહ્યું કે ગૃહસ્થો છૂટ મૂકવાની મારી બીલકુલ સંમતિ નથી વખત અને હું કોઇ પણ વેળા સામે છીએ. જો કે તે દેવું બીજા તેના ભાગીઆઓએ કરેલું હતુ તોપણ તે પોતાની મેળે તેને સારૂ કાયદાસર જવાબદાર થયો, અને તેના દૃઢ વિચારની મજબૂતીથી

તેણે ઠરાવ્યું કે જો તેને એક પેની મળે તો તેમાંથી તેણે ઓછામાં ઓછો ફાર્દિંગ તો કરજમાં આપવોજ. તેણે પોતાના શહેરનું ઘર અને વસ્ત્રાલંકારાદિ સરસામાન વેચી નાંખ્યાં અને પોતાના માગનારાને વિશ્વાસ આપવાને તેના ઉપજેલા તમામ પૈસા આપ્યા, તથા દર વરસે અમુક રકમ આપવાનો દસ્તાવેજ પણ લખી આપ્યો. આ પ્રમાણે દેવાનો ફડચો કાઢ્યા પછી તેણે ગ્રંથકારનું મહાભારત નવું કામ મોટા પાયા ઉપર કરવા માંડયું.

બે વર્ષમાં સ્કોટ સાહેબે તેના માગનારાને સારૂ ૪૦૦૦૦ પૌંડ મેળવ્યા. વુડસ્ટોક નામના તેના બનાવેલા નવલમાંનું એક નવલ ત્રણ માસ કરતાં ઓછી મુદતમાં લખી કાઢયું, અને તે ૮૨૨૮ પૌંડે વેચ્યું. તેનું બનાવેલું નેપોલીઅન બોનાપાર્ટનું જીવનચરિત્ર નવ ગ્રંથોમાં લખાયું છે, જેમાં તેણે ઘણીજ મેહેનત લીધી હતી, તેની કિમ્મત ૧૮૦૦૦ પૌંડ ઉપજી. જો કે તેને અર્ધાંગવાયુ થયો હતો તોપણ તે પીડામાં ચાર વરસ સુધી તેણે લખ્યાંજ કર્યું. આ પ્રમાણે તેણે પોતાના દેવાના રૂ અદા કર્યા હતા, જેને વાસ્તે તે બીલકુલ જવાબદાર ન હતો. અક્ષરોના ઇતિહાસ સંબંધીનું કામ ખરેખરૂં અનુપમ હતું તે કરવામાં પણ તે પાર પડયો હતો.

તેની જીંદગીનાં છેલ્લાં થોડાં વરસમાં તેણે જે સોચ્યું અને પ્રયત્ન કર્યો તે ઘણો ચમત્કારિક છે, જો કે તેને પક્ષાઘાત થયો હતો અને પરાણે પોતાની લેખણ પકડી શકતો હતો, તોપણ સ્કોટ ખરેખરો બહાદુર તેજસ્વી દીવો દેખાતો હતો, અને પોતાનો મૂળનો એવોને એવો જુસ્સો તેણે અંત સુધી જારી રાખ્યો હતો. જ્યારે તેના આયુર્વેદે મગજને વધારે કસરત આપ્યાથી અથવા ગજા ઉપરાંત મગજનું

કામ કરવાથી આ રોગ થયો છે માટે એવું કામ બંધ કરવાનું ફરમાવ્યું, ત્યારે તેણે ઉત્તર આપ્યો કે જો હું આળસ કરીશ તો ઘેલો થઇ જઇશ. તેના જુસ્સાને કોઇથી પણ જીતાયો નહિ, પરંતુ તેના શરીરની શક્તિ ક્ષિણ થતાં જુસ્સામાં ને જુસ્સામાં તે મરણ પામ્યો. તેને છેલ્લો પ્રાણઘાતક હુમલો થયાની થોડીવાર પહેલાં તે પોતાના આબોટસફોર્ડ નામના ઘરની અગાડી ધામ ઉપર ખુરશી નાંખી તે ઉપર ઝુલતો હતો, તે વખત તે એકાએક ઉભો થયો, પણ તરતજ તે ખુરશીના ઓછાડ ઉપર પડયો અને આંખમાં આંસું આણી બોલ્યો કે આ આળસની દીલગીરી છે. મને મારી પોતાની કોટડીમાં લઇ જાઓ અને મારા ટેબલના ખાનાની કુંચી શોધી લાવો. તેની મરજી પોતાનો ગ્રંથકારનો અભ્યાસ કરવાની હતી અને કલમ તથા ખડીઓ, એના મોં આગળ મેલ્યાં, પણ તેનાથી લેખણ સરખીએ પકડાઈ નહિ, ને તે લખી શકયો નહિ, તથા તેના બેશી ગએલા ગાલ ઉપર આંખમાંથી આંસું પડ્યાં. રોગ તેના જોસ્સાને જીતી શકયો ન હતો, પણ તેણે તેના શરીરની શકિત ઓછી કરી હતી. આ બીના સ્મૈલ્સ કૃત થીફ્ટમાં (from thift by Smiles) છે.

સ્કોટ સાહેબના છેલ્લા શબ્દો યાદ રાખવા યોગ્યછે. લોકહાર્ટનું કેહેવું એવું છે કે તેણે તેના જમાઇને અંતકાળે કહ્યું કે મારા વહાલા, મારે તમારી સાથે એક મિનિટ વાત કરવાની છે તે એકે તમે સારા માણસ, સદ્ગુણી ને ધાર્મિક થાઓ. જ્યારે તમે અહિ બેઠાછો ત્યારે કંઈપણ સુખ થાય એવું જે આજે હું કહુંછું તે સિવાય બીજું તમને કંઇ પણ આપવાનું મારી પાસે નથી, પરંતુ તમારા બધાનું પરમેશ્વર કલ્યાણ કરો. આ પછી તે તરતજ હમેશની નીદ્રામાં સુતો અને સઘે છોકરાંના દેખતાં તેણે છેલ્લો શ્વાસ મૂકયો.

ડાકટર જોન્સનના દેવા વિષે.—સેમ્યુઅલ જોન્સન ઘણો ગરીબ માણસ હતો તેમ ઘણો બાહાદૂર પણ હતો. તે નાનપણમાં ગરીબી દશા તથા દેવામાં પડેલો હતો અને તે બંનેને કાઢી નાંખી ચોખો થવાને ઇચ્છતો હતો. જ્યારે તે પાઠશાળામાં ભણવા જતો ત્યારે તેના પગની આંગળીઓ બૂટની બહાર નીકળતી હતી તોપણ તે નવા વેચાથી લેવાને ઘણોજ ગરીબી હાલતને લીધે અશકત હતો. તેનું માથું જ્ઞાનના ભંડારથી ભરેલું હતું પણ તેનું ગજવું તદન ખાલી હતું. લંડનમાં પહેલા વર્ષમાં તેને અડચણ અને કષ્ટ કેવાં ભોગવવાં પડયાં તે વાંચનારને તેના જીવનચરિત્ર ઉપરથી જાણવામાં આવશે. તે રહેવાનું અને ખાવા વિગરેનું ખર્ચ સાડાચાર પેન્સમાં એટલે દરરોજના ત્રણ આનામાં પરાકાષ્ટાએ ચલાવતો હતો. જ્યારે બિછાનાને વાસ્તે પૈસા આપવાને ગરીબીદશાને લીધે અશકત હતો ત્યારે તે તેના સોબતીઓને લઇને કોઇ કોઇવાર આખી રાત શેરીઓમાં ભટકતો હતો. તેને સ્વચ્છ લૂગડાં અઠવાડીઆમાં એકજવાર મળતાં હતાં. તે જ્યારે મળતાં તેજ દિવસ તે લોકોની મુલાકાતને વાસ્તે રાખતો, અને ઘર બહાર બીજાની મુલાકાતે પણ ત્યારેજ જતો. ઘણી વખત તે ઉપવાસી સ્થિતિમાં દેખાતો હતો, તેનાં દુઃખ માણસને જેટલાં પડેછે એટલાં તમામ હતાં. તે પોતાની ઇચ્છાનો આધાર નશીબ ઉપર કદી રાખતો નહોતો, પણ તેને ઉત્તમ સ્થિતિમાં આણવાને તે યત્ન કરતો હતો, તેથી તેની જીંદગીનાં પાછલાં વર્ષો સુખ ચેનમાં ગયાં હતાં. મુખ્યત્વે કરીને સ્મૈલ્સકૃત થીફ્ટમાં (Chiefly from thift by Smiles) કહેછે કે તેના પોતાના દુઃખના અનુભવપરથી કોઈ પણ માણસ ડાકટર જોન્સનના દેવાના વિષય વિષે મોટામાં મોટા પૂ-

રાવો આ સિવાય બીજો કોઇપણ આપી શકવાનો તથા કહી શકવાનો નથી. તેણે પોતાના મિત્રને નીચે મુજબ લખ્યું હતું.

તમે પોતાની મેળે દેવું કરવાના વિચારની રીતિ ફક્ત અવ્યવસ્થાને માટે રાખશો નહિ, તમને તેથી દુઃખ ખમવું પડશે. દરિદ્રતા સારૂં કરવાનાં અને પેદાશનાં એટલાં બધાં સાધન લઇ લેછે, અને એટલી બધી પ્રતિકુળ ને એટલી બધી આશકિત કરેછે, કે કુદરતી વૃત્તીને સદ્ગુણને બદલે પાપ કરાવે છે, તેથી સઘળાં સદ્ગુણો સાધનો તેનાથી દૂર રહે છે; માટે તમારે પહેલી સંભાળ એ રાખવી કે કોઇનું એક પાઈ પણ દેવું કરવું નહિ તથા ગરીબ ન થવાય એવો ઠરાવ કરવો. જે જે તમે ખર્ચો તેમાં ઓછું ખર્ચો. દરિદ્રતા એ મનુષ્યના સુખની ખરેખરી મોટી દુશ્મન છે. ખરેખર એ સ્વતંત્રતાનો નાશ કરેછે અને તે કેટલાક સદ્ગુણો અનુભવમાં ન આવે એમ કરે છે. તે બીજાને એટલે દુર્ગુણોને અતિશય કઠણ કરે છે. કરકસર ફક્ત શાંત રીતિએ રહેવાનો પાયો નથી, પણ પરોપકારનો પણ પાયો છે. જે માણુસ પોતે મદદ માગતો હોય તે બીજાને મદદ કરી શકે નહિ. આપણે ખર્ચવાને ઇચ્છીએ તે પહેલાં આપણી પાસે જોઇએ એટલું છે કે નહિ તે તપાસવું જોઇએ. દેવું માણસને તેની મોભાવાળી આબરૂમાંથી હલકો કરેછે. તેના વેપારી માણસો તથા ચાકરો તેને દયામાં મૂકે છે, અને ઘણી આબરૂ ઉપરથી ગુલામીમાં નીચો ઉતારો છે, જેથી કરીને તે પોતાને શેઠ એવું ઘણીવાર કહેવરાવી શકે નહિ. તે પોતાના વ્યવહારમાં પોતાના મનને હિમ્મતથી કોઇ દિવસ જોઇ શકે પણ નહિ. માણુસ જે દેવાદાર છે તેને સત્યવક્તા થવું ઘણુંજ કઠણછે. તેનાથી પો-

તાના સાધન ઉપર રહેવાને પ્રમાણિકપણે ગોઠવણી કરી શકાતી નથી, પરંતુ બીજા હરકોઇના અપ્રમાણિક સાધન ઉપર રહેવાની જરૂર તો પડવાનીજ પડવાની.

જોન્સન ખાત્રીથી કહેછે કે મિલ્કતનો ઉત્તમ ઝરો અથવા સારી રીતે રહેવું એ કરકસર છે. તે કરકસરને ડહાપણની છોકરી, મીતવ્યતા (નિયમસર ચાલવાની રીત) ની બહેન અને સ્વતંત્રતાની મા કહે છે.

નાનાં છોકરાંને દેવું કરવાથી મોટું પાપ થાયછે તે કેવી રીતે શીખવવું, તે નીચે લખેલી વાત ઉપરની ધ્યાનમાં આવશે. છોકરાંને આ પાઠ ભણાવવો એ અતિ જરૂરનું છે. ચાર્લસ સ્પરજન જે હાલના વખતમાં મોટામાં મોટો ઉપદેશ વક્તાછે તેના બાપે તેના મન ઉપર દેવા વિષે કેવી રીતે ઠસાવ્યું હતું તે આ પ્રમાણે બતાવે છે.

જ્યારે હું ઘણો નાનો છોકરો હતો અને કન્યાશાળામાં જ્યાં છોકરા ને છોડીઓ સાથે ભણતાં હતાં ત્યાં ભણવા જતો હતો; તે વખતે એવો બનાવ બન્યો કે મારે પત્થરની પેન જોઇતી હતી અને તે લેવાને મારી પાસે પૈસા નહોતા, હું એવો અવ્યવસ્થાવાળો (સંભાળ વગરનો) હતો કે મારી પત્થરપેન વારંવાર ખોઈ નાખતો હતો તેથી પત્થરપેન ખોવાયાથી મને મારો પિતા ખીજશે એવો વિચાર આવવાથી હું બીન્યો તેથી તે વાત ઘેર કહેવાની હિમ્મત ચલાવી શક્યો નહિ.ત્યારે મેં શું કર્યું? તે શાળાની જગા પાસે એક નાની દુકાન હતી, જેમાં નાળિએર, ભમરડા, પૂરીઓ, દડા, સ્લેટ, સ્લેટપેન એવી એવી ઘણી વસ્તુઓ એક ડોશી મીસીસ ડીયરસન કરીને હતી તે વેચતી હતી, અને કેટલીકવાર એ ડોસી છોકરા અને છોડીઓને વિશ્વાસઉપર ઉધારેપણ આપતી હતી;

તે મારા જોવામાં આવ્યું ત્યારે મેં મારા મન સાથે સલાહ કરવા માંડી કે ક્રીસ્ટમસનો દિવસ નજીક આવે છે તેથી મારાં સગાંમાંથી કોઈ માણસ અગર બીજો તીરાહિત ખચીત મને તેની પાસેથી પેની અથવા કદાપિ રૂપાનો છ પેન્સનો સિક્કો આપશે ખરાં, તેથી મેં પત્થરપેન લેવાનું દેવું કરવું ધાર્યું અને ક્રીસ્ટમસમાં ખચીત આપવાનો વાયદો કરવાનું મારા મન સાથે નક્કી કર્યું; તે વખત હું શાંતતાથી રહ્યો નહિ પણ પરાણે મારા મનમાં પૂરી હિમ્મત લાવીને તે દુકાનમાં ગયો. મેં પત્થરપેનની કિમ્મત પૂછી તો, તે ફકત એક ફાર્દિંગ હતી, તથા પાછલા વખતનું અદ્યાપિસુધી કોઇપણ વસ્તુનું મારે દેવું હતું નહિ તથા મારી સાખ્ય પણ સારી હતી તેથી તે માયાળુ વૃદ્ધ બાઇએ મને તે પત્થરપેન આપી તેથી હું દેવાદાર થયો. હું આ બનાવથી રાજી થયો નહિ પણ ઉલટું મને એવું લાગ્યું કે મેં ઘણું ખરાબ કામ કર્યું, તોપણ સારૂં થયું કે મને એટલા ઉપરથી જણાયું કે હવે હું જલદીથી દેવાથી હોશિઆર રહીશ. મારા બાપને આ નાના કામનો ખેલ કેવી રીતે જાણવામાં આવ્યો તે મેં બીલકુલ જાણ્યું નહિ. કોઇ નાના પક્ષીએ ઉડીને આ વાત કહિ હશે, અથવા વાએ ઉડીને તેની પાસે તે વાત આવી હશે, કિંવા બીજાએ તેને કહ્યું હશે કે કેમ? તે મને બીલકુલ માલમ પડયું નહિ, પણ તેઓ જલદીથી મોટી આતુરતાથી મારી પાસે આવ્યા. પરમેશ્વર તેને વાસ્તે તારૂં રક્ષણ કરે એમ તેમણે મને કહ્યું. તે સમજણા માણસ હતા તેથી તેઓ તેમનાં કોઇપણ છોકરાંને બગડવા દેતા નહિ, તેમનાં છોકરાંને સટ્ટો કરવા દેતા નહિ, અને કહેવાતા મોટા માણસ પૈસાથી જે નઠારી રમત રમેછે (જુવું રમેછે) તે પણ રમવા દેતા

નહિ. મારા માથા ઉપર દેવાનો ભારહતો તે એકદમ નાંખી દેવામાં તેમણે ભૂલ કરી નહિ. તેણે મને દેવામાં દબાઈ જવા વિષે મહા બળિષ્ટ ભાષણ સંભળાવ્યું, અને તે એવું સરસ અસરકારક તિક્ષણ સમયાનુકુળ હતું કે તે મેં ગ્રહણ કરેલુંછે. તેમાં એમ કહ્યું હતું કે દેવાના રસ્તામાં લોકો ખરાબખસ્ત થઈ જાયછે માટે જો છોકરો એક ફર્દિંગ દેવું કરે તો એક દિવસ એવો આવે કે તેના ૧૦૦ પૌંડ થાય; તે ન અપાય ને કેદમાં જાય એવી રીતે દેવું તેને અને તેના કુટુંબને ફજેતીમાં લાવી મૂકે છે.

તે ખરેખરૂ યોગ્ય ભાષણ મને ખરેખરી અસર કરે એવું હતું. હું ધારૂં છું કે હું હમણાં સાંભળી શકુંછું. તે મારા હૃદયમાં એવું તો કોતરાઇ રહ્યું છે કે મારા કાનમાં તેના ગણગણાટ વાગતા નથી તોપણ મને તેનો ભાસ થાયછે.તે ભાષણથી હું તે દુકાન તરફ ચાલ્યો ગયો અને બાપે આપેલો ફાર્દિંગ તે ડોશીને આપી દેવાથી હું દેવાથી મુકત થયો જેમ વનવગડાનો દુખી બનેલો વેપારી ગામમાં આવી વીતેલાં વીતકણાથી પોકશ્રાદ્ધ કરે તેમ રાગતાણીને બધા ફળિયામાં રડયો તેનું વર્ણન હું આ ઠેકાણે કરવાને અશકતછું. આ બનાવથી દેવાનો ભાર અને શરમ મારા મનને લાગ્યાં;કારણ કે મેં વિચાર્યું કે હું કરજદારછું તે સઘળાએ જાણ્યું. આ ફાર્દિંગે મને ખરેખરી ઘણીજ અસરકારક સોલોમનના જેવી તાકીદ આપી તેથી કરીને ગરીબ કરજદાર દેવારહિત થયો. જેમ પક્ષી પાંજરામાંથી છૂટું થાય તેમ મને દેવામાંથી નીકળ્યા પછી તેવુંજ મિષ્ટ લાગ્યુ. મારા નાના અંતઃકરણે હવે એવી બાધા લીધી અને નક્કી કર્યું કે ફરીથી કોઇ દિવસ હું કરજની જાળમાં ફસાગો નહિ. આ સુંદર પાઠછે

તે હું કદી ભૂલવાનો નથી. જો અધળાં છોકરાં જ્યારે નાનાં હોય ત્યારે આવાજ માર્ગની નકલ કરે તો એટલું બધું સારૂં થાય કે તે નશીબદાર બને અને તેમની વૃદ્ધિ ગત થતી જીંદગીમાં ખોટી માથાકૂટમાંથી બચી જાય તથા દુનીઆના હરેક કાર્યમાં ફતેહ પામે.

સેવીંગસબેંકસ.

જંગલી પશુ વિષે હમણાંજ ટીકા કર્યા છે કે તે નાણું સાચવી શકતાં નથી, તેઓ રોજ જે મળે તે ઉપરજ ગુજરાન ચલાવે છે, આવતા વખતને વાસ્તે તે કંઇજ રાખતાં નથી, તેમ તેમને કાલ એ શબ્દનો વિચારજ નથી; તેમનાં સગાં ને મિત્રોની બરદાસ રાખવાની તેઓ દરકાર રાખતાં નથી; મંદવાડ તથા વૃધાવસ્થાને વાસ્તે કંઇપણ બંદોબસ્ત કરતાં નથી, તે માટે માણસ આ રીતે વર્તે તો તે જંગલી પશુ સમાનછે એટલુંજ નહિ, પણ તેના કરતાંપણ હલકો કહીએતો ચાલે, કેમકે તેને પશુ કરતાં ઇશ્વરે તર્કશક્તિએ ગુણ વધારે આપેલો છે, માટે તર્કશક્તિનો ઉપયોગ કરે તો પૈસા બચાવવા એ દુનીઆનું પહેલું પગથિયું છે. તે વિષે ખરી વાત એછે કે તેને બચાવવાનું, મેળવવાનું, એગનો સઘળો આધાર અગાઉ વિચાર, ડહાપણ અને નિપુણતાથી કરી શકાય છે. તે ભવિષ્યના સુખનું સત્વ છે અને તે સુખ સ્વતંત્રતાથી શરૂ થાય છે.

પહેલાં જ્યારે ગાલમતાની સંભાળનો ભરૂંસો નહતો ત્યારે નાણાને દાટી મૂકતા હતા, તથા તેનાં ગાળીને ઘરેણાં કરાવતા હતા તેના બધા ગેરફાયદા ઉપર બતાવેલાછે,

તેથી ફરીથી બતાવવાની જરૂર નથી. નાણાને વ્યાજે ધારવુંજ જોઇએ,પણ ધીરતાં પહેલાં વિચાર કરવો કે તે સારી બાંધણીમાં છે કે કેમ, વ્યાજ મળવાને હરકતછે કે નહિ, તથા તે મુડી પાછી લેવા જતાં તેમાં હરકત થાયછે કે નહિ તે સર્વ ધ્યાનમાં રાખવાનું છે. તેને વારંવાર રાખનારા મળવા એ કામ બહુ કઠણછે. નાણાં વ્યાજ સાથે જયારે જોઈએ ત્યારે ને જ્યાં જોઇએ ત્યાં આપનારા જડવા કઠણ છે. ધીરનારના પૈસા સહીસલામત રહે અને તેના ભરૂસાની બાંધણી પક્કી રાખવાને તથા ત્યાંથી જોઇએ ત્યારે વ્યાજ લઈ શકાય અને ગમે તે વખતે માગીએ ત્યારે મળે તેને માટે બ્રિટિશ સરકારે સેવિંગ્સબેંકો મુલકના જૂદા જૂદા ભાગોમાં સ્થાપેલીછે. હરકોઇ મનુષ્યને જ્યારે તેની ખુશીમાં આવે ત્યારે ત્યાં જઇ થોડું પણ નાણું મેલવા જવાની છૂટ છે. નાણું મેલનારને એક પહોચ (પાસબુક) મળેછે તેમાં ભરેલી અથવા ઉપાડેલી રકમ બરાબર દાખલ કરવામાં આવેછે. તેના પોતાથી અથવા તેણે જેને અખત્યાર આપ્યો હોય તેને સિવાય બીજાથી તે પૈસા લેઈ શકાતા નથી. સરકાર તેની યોગ્ય સંભાળ રાખે છે, અને તેના ઉપરનું વ્યાજ દરવર્ષે તેમાં ભરી આપી શિક્કો કરી આપેછે. તેથી તેમાં દગો અથવા ઠગાઇ થાય એવો બનાવ બનવો અસંભવિત છે. પૈસા મેલવા અથવા પાછા લેવા એ ગમે તેટલા અને ગમે તે વખતે લઇ શકે છે તથા મેલી શકે છે. દેવું કરનારા જેટલું વ્યાજ આપે છે તેટલું વ્યાજ સરકાર આપતી નથી બલ્કે ઓછામાં ઓછું આપેછે તોપણ તેમાં ઘણા ફાયદા છે અને ધીરેલી રકમ ખરેખરી રીતે સહીસલામતીમાં રહે છે, તથા ગમે તે વખતે તે લઇ શકાય તેથી

ફાયદાછે એવું અર્થ શાસ્ત્રવાદીઓનું મત છે. હિંદુસ્તાનમાં સઘળી પોષ્ટ આફીસોમાં તેના કામની સાથે સેવિંગ્સબેંકો રાખેલી છે. ઓછામાં ઓછી રકમ તેમાં મેલવાની તથા લેવાની છૂટ છે, તો પણ તે ચાર આનાથી ઓછી જોઇએ નહિ. ૪ આના, ૮ આના, અને ૧૨ આના ઇત્યાદિ. વધારેમાં વધારે રકમ ૨૦૦ રૂપિયાથી વધારે એક વરસમાં રાખવામાં આવતી નથી. નાણું મેલનાર પોતાના પૈસા અઠવાડીઆમાં એકથી વધારે વાર ઉપાડી શકતો નથી. તેના ઉપર દર સેંકડે દર વર્ષે ૩$\frac{3}{4}$ ટકા વ્યાજ મળે છે, અને પાંચ રૂપિયે એક પૈસો એ પ્રમાણે ગણાય છે. પૈસા મેલનાર પોતાનો હિસાબ કરી તેનું નાણું ગમે તે પોષ્ટ આફીસમાં મળવાને વાસ્તે પહોચબુક બીજી પોષ્ટ આફીસમાં વગર પૈસે રકમ મેલવાને તથા લેવાને વાસ્તે ફેરવી આપેછે.

એ વિષેના તમામ સંપૂર્ણ ધારા પોષ્ટ આફીસમાં જ્યારે માગે ત્યારે મળે છે. ગમે તે વખતે જ્યાં માગશો ત્યાં અરજ કરવાથી તે મળશે. નાણું મેલનારને બેંકનો હિસાબ એ પહોચબુક ઉપર લખી આપવામાં આવે છે.

આપણા મુલકમાં ઘણા લોકો પૈસા જાળવી રાખવા તથા તેને સલામત ભરેલી રીતે વધારવા એ બાબતથી અજાણ્યા છે. જ્યારે તે પરણવાના હોયછે ત્યારે અથવા જ્યારે તેના કુટંબમાં સૂઆવડ, જનોઇ, સીમંત, ઉત્તરકાર્ય, ગૃહમુહૂર્ત, ગૃહપ્રવેશ, ઇત્યાદિને વાસ્તે પહેલેથી તેઓ તૈયારી કરતા નથી; એને વાસ્તે જરૂરનું ફંડ રાખ્યું હોય તો તે તેમને ઘણું સહેલું પડે છે. જ્યારે તેમનું ખર્ચ વધેછે ત્યારે તે વ્યાજે ઉપાડે છે, અને એટલા ખર્ચમાં વળી વ્યાજનો વધારો કરેછે, તેમ પગાર મળતો હોય તો મહિનાનો પગાર આવે તે તરતજ ખર્ચી નાખનારાની સંખ્યા પણ થોડી નથી. તેમને બી-

જાું અણુધાર્યું ખર્ચ આવી પડયું હોય તો તેને વાસ્તે એક રૂપિયો સરખોએ સમ ખાવાને બચતો નથી, માટે સેવિંગ્સબેંકમાં અનામત ખાતું રાખ્યું હોય તો નાણાનો અટકાવ થાય છે, અને આવા કૃત્યમાં વાપરવા વાસ્તે કામ આવે છે.

નાનાં છોકરાં સરખાને પણ સેવિંગ્સબેંકનો હિસાબ શી રીતે રહે છે તથા તે શું છે એ સમજાવવું જોઇએ. આપણા દેશમાં પકવાન્ન તથા બરફી ઇત્યાદિ મિષ્ટ પદાર્થો ઘણા વેચાય છે અને તેના પુષ્કળ જથા આપણે વારંવાર જોઇએ છીએ, તેમાંથી લેવાની ટેવ રાખ્યાથી છોકરાંનેપણ એ નુકસાનકારક ટેવ તેમનાં માબાપ પાડેછે તથા તેમને મીઠાઇ ખાતાં શીખવેછે. કેટલીકવાર તો તેમનાં માબાપ તેનો સ્વાદ કરેછે તે ચાખી જુએ છે તેથી છોકરાં તેવું કરતાં શીખે છે. આ એક બીજો ખરાબ પાડછે, કેમકે નાનાં છોકરાંને નકલ કરવાની ટેવ હોય છે તેથી તે જલદીથી શીખેછે, તેમ તેનો કેવી રીતે ઉપયોગ કરવો, એ પણ તેમને જલદીથી આવડે છે. જે જોઇતું હોય તે આપવાને સાધારણ રીતે માબાપ તેને બીજે છે, પણ આવી ખરાબ ટેવ પડશે તેનો વિચાર સરખોએ લાવતાં નથી એ મોટી દીલગીરીની વાત છે.

દેવા રહિત રહેવાથી થતા ફાયદા.

જગતમાં રહી હલકાં કામ કરી પારકાની પાસે હોય તે છીનાવી લેવું. તથા કરકસર કરી ભેગું કરેલું દ્રવ્ય પોતાના તથા પારકાના ખરા ઉપયોગમાં ન ખર્ચતાં બીજાનાજ ઉપયોગને માટે રાખી મૂકવું, એ શીખવવાનો બીલકુલ

ઇરાદો નથી.

લોભી માણસો દ્રવ્યોપાર્જીત કરી તેની સોનાની મૂર્તિ બનાવી તેની આસનાવાસના કરી હમેશાં તેના આગળ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા એનેજ ખરૂં કર્તવ્ય માનેછે મતલબ કે દુનીઆમાં પૈસો એજ પરમેશ્વર છે એવું સમજેલા હોય છે, તથા કંજુસ માણસો નાણાથી કદીપણ તૃપ્ત થતા નથી એટલે હમેશાં અસંતોષી રહે છે. પોતાનાથી બને તેવી હરેકયુક્તિ કરી દ્રવ્ય ભેગુંજ કર્યાં કરેછે, પણ તેમનાથી પોતાને માટે કંઈ પણ વાપરી શકાતું નથી. સારી આગદાની છતાં મીઠુંને રોટલો ખાઈ પેટપાટા બાંધી ચલાવે છે અને દ્રવ્ય ભેગું કરી તે બીજાને વાસ્તે રાખી જાય છે; તે દ્રવ્ય જે સખ્સની પાસે આવેછે તે ફુલણજી બની ઉડાવી દે છે.

દેવાથી ચોખા થવાના કેટલાક ફાયદા તથા કબજામાં આવેલું થોડું પણ ભંડોળ શી રીતે સહીસલામત રહે કિંવા ભંડોળ શીરીતે થાય તે નીચે બતાવવામાં આવેછે.

૧ **પૈસાનો બચાવ.**—અગાઉ બતાવવામાં આવેલુંછે કે દેવાદારનું ઉપાર્જીત કરેલું સઘળું દ્રવ્ય તેના શાહુકારને ત્યાં જાય છે, તથા તેની મહા મહેનતની કમાણીનો થોડો ભાગપણ તેના પોતાના ખપમાં આવતો નથી, માટે જો માણસ દેવા રહિત હોય તો ઉપાર્જીત કરેલું સઘળું, તેના પોતાનાજ ઉપયોગમાં આવે અને શાહુકારને ત્યાં જતું બચે.

૨ **દ્રવ્ય સંબંધિની આતુરતાથી સ્વતંત્રતાને થતી હાનિ.**—દેવાદારને તેના પોતાના માગનારની બીકથી ધંધા રોજગારમાં રોકાવાનું બનતું નથી, તેથી વારંવાર દેવાનીજ

ચિંતામાં ને ચિંતામાં નીદ્રા રહિત રાત્રિ ગુજારવી પડે છે, પરંતુ જેને માથે ત્રરણ નથી તે આનંદથી નિશ્ચિન્ત રાત્રિએ સૂઈ રહે છે તથા તેને ઉંઘ પણ ખરેખરી આવે છે.

૩. તેની સાથે જેને કામકાજ છે તે બધા તરફથી તેને અંતઃકર્ણની સાબાસી આપવાને થતી હરકત.— દેવાદાર તેના માગનારની કડવી ચોપડીમાં નોંધાએલો છે તેથી તેને તેના તરફથી ઘણું અપમાન મળે છે. હસમૂખો ચહેરો જેને માથે દેવાનો બોજો નથી તેવાજ માણસને મુબારકબાદી આપે છે.

૪. સત્ય અને પ્રમાણિકપણું ક્યાં દાખલ થાય છે.— દેવાદાર વચન આપે છે પણ તે પ્રમાણે પાળતો નથી. તે બદધાનતથી દ્રવ્ય આપવાને અશકત હોયછે તેમ છતાં તે વ્યાજે લેછે તેથી જૂઠ અને દગાને આ પ્રમાણે ઉત્તેજન આપે છે. બીજા દાખલાઓમાં તેની અસર વિરૂદ્ધ રીતિએ એટલે ઉલટી થાય છે. મતલબ કે દેવા રહિત માણસોમાંજ એ સદ્દગુણો રહેલા હોયછે.

૫. ગરીબને અને દરેક સારા કામને મદદ આપવાની શક્તિનું પેદા કરવું.—બીજાનાં સુખમાં વધારો કરવો એ એક જીંદગિની મોટામાં મોટી મોજમજા અને ફરજ છે. જે આપણું નથી તે ધર્મના કામમાં પણ આપવું અથવા દાન કરવું એવું એ ખોટુંછે, ને એમ કરવાનો આપણને લગાર પણ હક નથી આપણે ઉદાર થતા પહેલાં આપણે વાજબી કરનારા થવું જોઇએ. જો માણસ દેવાદાર ન હોય તો તેને કમાએલા નાણાંનો કંઈપણ ભાગ વ્યાજમાં આપવાનો નથી, તેથી તે ભાગ વચે છે તથા કરકસરથી તેમાં ઉમેરો કરી વધારે બચાવી શકે છે.

૬. **કુટુંબને આશ્વાસન આપવું અને છોકરાંને સારો દાખલો આપવો.**—દેવાદારનું કુટુંબ કેવી પીડા પામે છે તે હમણાંજ આપણે જતાવ્યું છે. તેના ઘરમાં સુખશાંતિની છાયા સરખી પણ રહેતી નથી. પૈસા નહિ જાળવનારાં માબાપોનાં છોકરાં વારંવાર ઉડાઉજ હોય છે. માણસ ઘણી વાતોમાં ડાહ્યો હોય તે તેનાં ફળ તરતજ મેળવતો નથી, પણ બીજી આવતી પ્રજાનો મદદગાર થઈ પડેછે. દેવું પતાવ્યાથી થએલી સ્વતંત્રતા તથા તેના ફાયદાને હમેશાં યાદ રાખવા જોઇએ, કોઈ પણ સાધનથી દેવું ન થાય એ ઘણું ખપનું છે. મીકાસ નામનો પેગંબર કહે છે કે:—

અરે માણસ! હું તને બતાવુંછું તે એકે જે સારૂં છે તે તથા ઇશ્વરને જે જોઇએ છીએ તે એજછે કે પ્રમાણિક રીતે વર્તવું અને દયાને ચહાવું તથા પ્રભુની આગળ આધિન સેવકની રીતે જવું.

વાજબી રીતે કરવું તેની સાથે બે બીજી ફરજો પણ આવેછે.

દાખલા.

દ્રવ્યનો રસ્તો.

યુનાઇટેડ સ્ટેટ્સનો નીવાસી બેન જામીન ફ્રાંકલીન ગયા સેકામાં ચીથરેહાલ દશાગાંથી મોટી સ્થિતિએ પહોંચ્યો હતો. તે તેની ધારણા પ્રમાણે સુખમાં તેના સોબતીઓ કરતાં ચડ્યો અને તેના અનુભવી ડહાપણને લીધે તે પ્રખ્યાત થયો હતો. તેણે પુઅર રીચર્ડ (ગરીબ રીચર્ડ)ના નામથી સંપત્તિ મેળવવાનો ઉત્તમ રસ્તો એ નામનું કેટલીક ઉત્તમ શીખામણોવાળું પંચાંગ પુસ્તક પ્રગટ કર્યું હતું. તેના

ઘણી ભાષામાં ઉતારો થયા છે, તેમાંના કેટલાક ઇસારા મુખ્યત્વે કરીને યુનાઇટેડ સ્ટેટ્સમાં ખરા પુરાવામાં પ્રમાણ દાખલ લેવાય છે. તે ટુંકા ને સર્વ અર્થવાળા થોડા શબ્દોમાં છે તોપણ તે સહેલથી સમજી શકાય છે. ધારો કે તેણે પોતાની મેળે લોકોને શીખામણ આપી છે, માટે જેઓ તે પ્રમાણે કરવાને ધ્યાનમાં રાખે અને તેનો ઉપયોગ કરે, તથા જેઓ હાલમાં દેશને આબાદ થવામાં જે જે હરકતો પડે છે તે નાબુદ થવાને ઇચ્છેછે તેમને પણ ઉપયોગીછે, તથા તે શીખામણો દરેક સ્ત્રી પુરૂષને શ્રવણ, મનન ને નીદધ્યાસ કરવા લાયક છે.

સભ્ય વાંચનાર—બીજા ગ્રંથકારોએ માન્યપૂર્વક કહેવા તરીકે માન્ય કરેલું એવું પ્રમાણયુક્ત પુસ્તક તથા અન્ય ગ્રંથકારને ખુશી ઉપજે એવું કોઇપણ પુસ્તક આ સિવાય બીજું નથી એવું સાંભળ્યું છે. એક ન્યાયાધિશ પોતાના ન્યાયના હોદ્દા તરીકે ખરેખરૂં કહે છે કે આ પુસ્તક શી રીતે દાખલો આપી તેને લાગુ પાડવું તે હું બતાવુંછું, જ્યાં વેપારીનો માલ હરાજ થતો હતો ત્યાં ઘણાં માણસો ભેગાં થયાં હતાં તે ઠેકાણે મેં મારા ઘોડાને મોડું થયું તોપણ અટકાવી રાખ્યો. વેચવાનો વખત થયો નહોતો તેથી ત્યાં ખરાબ વખત છે એવી ચર્ચા ચાલતીહતી. તે મંડળીમાં એક સ્વચ્છ વૃદ્ધ પુરૂષ ધોળાવાળ, ધોળો જભ્ભો પહેરીને ઉભો હતો તેને મેં કહ્યું કે હે વેદવ્યાસ મહેરબાની કરીને કહો કે તમે વખતને વિષે શું ધારો છો? તમે ધારતા નથી કે દેશના ઉપર ભારે કરનો બોજો પડે છે તેથી તે ખરેખરો પડી ભાગશે? હમે શી રીતે એ કર આપવાને શક્તિમાન થઇએ? હમારે એ વિષે શી રીતે કરવું તેની

શીખામણ આપશો તો મોટામાં મોટી મહેરબાની થશે. વૈદવ્યાસ ઉઠયાને જવાબ આપ્યો. જો તમને મારી શીખામણ જોઇતી હશે તો તે હું તમને ટુંકામાં કહીશ. તે થોડા શબ્દમાં અને ડહાપણ ભરેલી અને યથાયોગ્ય છે અને તે ગરીબ રીચર્ડની કહેવત છે. તેઓ સર્વ ભેગા થયા અને શું બોલે છે તે આતુરતાથી ધ્યાન રાખી સાંભળવાને તે મહર્ષિની આસપાસ વીંટાઇ વળ્યા. તેણે નીચે પ્રમાણે વિવેચન ચલાવ્યું:—

મિત્રો ! ખરેખર કર ઘણુંજ ભારે છે અને તે સરકારે મૂકયા છે માટે ખુશીથી કે નાખુશીથી આપણે આપ્યા વગર છૂટકો નથી તેથી તેને જલદીથી અને સહેલથી આપી દેવા જોઇએ. જે સરકારને આપીએ છીએ તે સિવાય આપણા ઉપર બીજા ઘણા છે, અને તેમાંના કેટલાએક તો એવા છે કે ભારેમાં ભારે છે. આપણે સરકારને જે કર ભરીએ છીએ તેના કરતાં બમણો કર આળસને આપીએ છીએ, ત્રણઘણા કરતાં વધારે મગરૂબીને આપીએ છીએ, અને ચારઘણા કરતાં વધારે મૂર્ખાઇને આપીએ છીએ. આ કરમાંથી મુક્ત થવા કમનશીબથી પ્રયત્ન કરી શકતા નથી અથવા દુઃખ લેઈ લેતા નથી, પણ એ કર સરકારના બીજા કરોની સાથે વધારો કરે છે. જો કે આપણને સારી શીખામણ મળેછે તે ઉપર કેટલીક વખત આપણાથી લક્ષ અપાતું નથી. પરમેશ્વર જેઓ પોતાની મેળે યત્ન કરે છે તેનેજ તે મદદ કરે છે એવું ગરીબ રીચર્ડનું કહેવું છે.

૧ જે સરકાર લોકોને જે વખત મળેછે તેનો ૧૦ મો ભાગ કરમાં આપવાનો ઠરાવ કરી નોકરીમાં કામે લગાડે તો તે સરકારને જુલમગારજ કહેવી એવો વિચાર

આપણા મનમાં આવે છે પણ આપણે જોઇએ છીએ કે આળસનો કર તેના કરતાં ઘણોજ વધારે છે, આળસ રોગ લાવે છે અને આપણી જીંદગીને ટુંકી કરે છે. ગહેનતે જે પરિપૂર્ણ કરેલું હોય છે તેને આળસ કાટની પેઠે જલદીથી ખાઈ જાય છે. ગરીબ રીચર્ડ કહે છે કે ઉપયોગમાં આવેલી કુંચી ઉજળી રહે છે. જો તમને તમારી જીંદગી વહાલી હોય તો વખત ગુમાવશો નહિ કેમકે જીંદગી વખતની બનેલી છે. ઊંઘતા શિયાળથી શિકાર પકડાતો નથી, એ કહેવત જાણ્યા છતાં તેને ભૂલી જઈ આપણે જરૂર કરતાં કેટલો બધો વખત ઊંઘમાં ગુમાવીએ છીએ, તેથી સતું એને ઘોર, દખમું કે મશાણુ છે એમ ગરીબ રીચર્ડ કહેછે.

વખત એ બધી વસ્તુ છે ત્યારે જે વખત ગુમાવીએ છીએ તે કીમતી છે એમ ગરીબ રીચર્ડ કહેછે તે વાજબી છે. મોટામાં મોટું ઉડાઉપણું બીજાં ઠેકાણાં કરતાં આળસમાં છે એમ એ આપણને કહેછે. ગએલો વખત ફરીને પાછો મળતો નથી અને જે વખતને આપણે જોઇએ એટલો છે એમ કહીએ છીએ તે હમેશાં રહેતો નથી તેથી શાબીત થાય છે કે તે થોડો છે, ત્યારે ચાલો આપણે ઉઠો અને જે કરવાનું છે તે કરો તેથી એટલે ઉદ્યોગથી વધારે કરી શકશું. તમારાથી એમ નહિ બને તો મોટામાં મોટી ગુચવણ આવશે. આળસ બધી વસ્તુને કઠણ કરેછે પણ ઉદ્યોગ તેને સહેલી કરેછે, માટે જે મોડા ઉઠેછે તેને આખો દિવસ તરફડીઆં મારવાં પડેછે, અને રાત્રે વધારે કામ કરવું પડેછે, તોપણ તે પુરૂં થતું નથી. તમારા કામને તમે હઠાવો પણ કામ તમને હઠાવે એવું કરશો નહિ. દલપતરામ કવિએ કહ્યું છે કે

દોહરો —"રાત્રે વહેલા જે સુઇ. વહેલા ઉઠે વીર,
બળબુદ્ધિ બહુ ધન વધે, સુખમાં રહે શરીર."

માટે સારા વખતને સારૂ ઈચ્છા તથા ઉમેદ રાખવી તેનો અર્થ શો? જો પોતાની મેળે આપણે સાવધ હોઇશું તો આજ વખતને સારો કરી શકીશું. ઉદ્યોગને ધોકા પહોંચવાની જરૂર નથી અને જે આશા ઉપર રહેછે તે આશામાંને આશામાં ભૂખ્યો રહી મરી જાયછે. મહેનત વગર નફો થતો નથી. ઉદ્યોગી હાથને સારૂ ખેડ્યા વગરની જમીન નથી કેમકે જો હોય તો ખેડી ખોદીને સાફ કરેલી હોયછે. જેને વેપાર છે તેને વઝીફો છે અને જેની માગણી થાય છે તે તેની નફાની અને માનની કચેરી છે એમ ગરીબ રીચર્ડ કહેછે; પણ તે વેપારમાં મંડયાને મંડયા રહેવું જોઇએ એટલે માગણી તેની પાછળ પાછળ ચાલી આવે છે. વઝીફો કે કચેરી બેમાંથી એક આપણો કર આપણને પૂરો પાડવાને અશક્ત થશે નહિ. આપણે ઉદ્યોગી હોઇશું તો કદી ભૂખે મરવાના નથી. ઉદ્યોગી માણસના ઘર તરફ ભૂખ નજર કરે છે પણ માંહે પેસવાની તેને હિમ્મત થતી નથી. દિવાની કામ કરનાર સિપાઇ કે પોલીસનો સિપાઇ બેમાંથી કોઇ ઉદ્યોગીના મકાનમાં પેસી શકતો નથી, કેમકે ઉદ્યોગ કરજ આપે છે અને તેને વધારવાને ધિક્કાર કરે છે. એના જેવો વારસામાં આપી જવાને તમને કોઇપણ ખજાનો અથવા તાલેવર સગાંવહાલાં જડનાર નથી. ઉદ્યોગ એ સારા નશીબની મા છે, અને પરમેશ્વર બધી વસ્તુઓ ઉદ્યોગને આપે છે. તમે ઉદ્યોગ કરીને ઝાડું બેઠા છો ત્યાં સુધીએ એદી સૂઈ રહે છે. અને તમે ઉદ્યોગી છો તેથી તમારી પાસે વેચવાને તથા સંગ્રહ

રાખવાને અનાજ જોઈએ તેટલું મળશે. આજનું કામ તે આજજ કરો કેમકે તમને માલૂમ નથી કે કાલે શું બનશે, માટે તે કાલ ઉપર રાખવુંજ નહિ. આજ જે કામ કર્યું તેની કિમ્મત કાલ બમણી થાય છે એવું ગરીબ રીચર્ડ કહેછે. વધારામાં કહેવાનું એ કે તમારાથી આજ બને તે કાલ ઉપર રહેવા દેતાજ નહિ. જો તમે ચાકર હો તો તમારો સારો ધણી તમને આળસુ થએલા પકડે એવું થાય તો તમે શરમાશો નહિ? જ્યારે તમે પોતેજ શેઠછો તો તમારે પોતાની મેળે આળસુ થવાને શરમાવું ન જોઈએ? તમારે પોતાને વાસ્તે, પોતાના કુટુંબને વાસ્તે, પોતાના દેશને વાસ્તે, તથા પોતાના રાજાને માટે કેટલું બધું કરવાની જરૂરછે! તમારી આંગળીઓ વગર હલાવે હાલી શકતીજ નથી, માટે યાદ રાખો કે ઊંઘતી બિલાડીથી ઊંદર પકડાતો નથી એવું ગરીબ રીચર્ડનું કહેવું છે એ ખરૂં છે. તમે ધારો કે ઘણું કરવાનું છે અને કદાપિ તમે અશક્ત હાથના હો, તોપણ એ કામ કરવાને તમારે ખંતથી મંડ્યાને મચ્યા રહેવું. તમે જોશો કે મંડયાને મંચ્યા રહેવાથી મોટી અસર થશે; કેમકે હમેશાં એક એક ટાંકણું મારીએ તો મોટા પથરો ટંકાઈ જાય છે. ઉદ્યોગ કરવાથી અંતે (લંગર) વહાણનું મોટું જાડું દોરડું સરખું પણ ઊંદર કાપી નાંખે છે અને નાના નાના ઘાથી મોટું ઓકનું ઝાડ કપાય છે. કહેવત છે કે "ટીપે ટીપે સરોવર ભરાય ને કાંકરે કાંકરે પાળ બંધાય" એ ખરૂં છે.

મને લાગે છે કે તમારામાંના કેટલાએકનું કહેવું હું સાંભળું છું. માણસે પોતાની મેળે ઉત્પન્ન કરવું તેને નવરાસની જરૂર નથી. ગરીબ રીચર્ડે કહ્યું છે કે હે મારા

મિત્રો ! હું તમને કહું છું, કે જો હલકી રીતે વખત જતો હોય તો તમારા વખતને સારી રીતે કામે લગાડો અને તમે એક પળ પણ નકામી ગુમાવશો નહિ. નવરાશનો વખત કોઇપણ ઉપયોગી કામ કરવાનો છે. જીંદગાનીમાં મળેલી નવરાશ અને જીંદગાનીની આળસાઈ એ બે જૂદી વસ્તુઓ છે. ઘણાક કામ કરતા નથી તથા ઘણાખરા મહેનત કર્યા સિવાય ફક્ત તેમના બાપદાદાની દોલતના આધાર ઉપરજ રહી શકે છે ખરા, પણ તેમનાથી કાંઈ ધારેલું કાર્ય થતું નથી, અને જેની જરૂર છે તેને પણ બાગી નાંખે છે. ઉદ્યોગ જોઇતી સમવડ આપે છે તથા ઘણી આબરૂ આપે છે. ખુશીને ચહાશો ને ઉદ્યોગ કરશો તો તે તમારી પાછળ પાછળ ચાલી આવશે. ઉદ્યોગી કરને પહેરવાનાં પુષ્કળ કપડાં મળેછે. જો તમારી પાસે ગાય તથા ઘેટું ઇત્યાદિ હશે તોજ દરેક મનુષ્ય સારી રીતે તમને માન્ય આપશે મતલબ કે દ્રવ્ય એજ વસ્તુ છે.

(૨) આપણો ઉદ્યોગ દૃઢ, નિરંતર અને સંભાળ રાખી આપણી નજર નીચે બંદોબસ્તથી થવો જોઇએ, અને તેને વાસ્તે બીજા ઉપર ઘણોજ ભરસો રાખવો નહિ એમ ગરીબ રીચર્ડનું કહેવું છે.

મેં વારંવાર ખસેડેલું ઝાડ જોયું નથી.

તેમજ જેઓ સારી રીતે ચડતી કળામાં ઉદ્યોગથી દૃઢ થયા હોય તેવા કુટુંબની સ્થિતિમાં વારંવાર ફેરફાર થાય એ પણ જોયું નથી.

ત્રણ જાતનું ખસેડવાપણું એ ખરાબ ને બાળ બગાડવા જેવુંછે. ૧ જો તું તારી દુકાનની સંભાળ રાખીશ તો દુકાન તને સંભાળશે. ૨ જો તમારૂં કામકાજ ચાલતું હોય તો તેને

આણવા દેવું પણ ન હોયતો તેને બંધ ન કરતાં કામને લાવો.

૩ જેમની પાસે હળ છે તેવડે તેમણે વધારે વખત ખેડ્યા કરવું એટલે તેને પકડવું કે હાંકવું.

'શેઠની આંખ તેના બંને હાથ કરતાં વધારેમાં વધારે કામ કરેછે, એટલે પોતે જાતે કામ કર્યા કરતાં તેના ઉપર નજર રાખે તો વધારે કામ થાયછે. સંભાળ વગરનું જોખમ જ્ઞાનવગરના જોખમ કરતાં વધારે છે. કામ કરનારા ઉપર તમારૂં દેખરેખપણું રાખો ને તેમને વાસ્તે તમારી નાણાંની કોથળી ખુલ્લી મૂકો. બીજાની સંભાળ ઉપર વધારે ભરૂસો રાખ્યાથી ઘણા જણ ખરાબખસ્ત થઇ ગયા છે કેમકે આ દુનીઆના કામકાજમાં નજર રાખીને કામ કરવાથી માણસ બચેલા છે પણ ફકત વિશ્વાસથી બચ્યા નથી. માણસની પોતાની સંભાળ નફા ભરેલી છે, કેમકે જો તમારી પાસે નીમકહલાલ નોકર હોય ને કામ કરે અને તમે પોતાની મેળે કામ કરો તે બેમાં તફાવત છે. થોડી ભૂલ કોઇ વખત મોટામાં મોટો બિગાડ કરે છે. ઘોડાના નાળના ખીલાની તંગીને લીધે નાળ ખોઇએ છીએ અને નાળને લીધે ઘોડો ગુમાવીએ છીએ અને ઘોડાને લીધે સ્વારને ખોઈએ છીએ, અને આ પ્રમાણે બનાવ બનવાથી મોટી ફોજને દુશ્મનથી પકડી પાડવાનું બને છે, તે સર્વ નુકસાન પેલા ઘોડાની નાળના ખીલા જેવી હલકી વસ્તુની સંભાળ ન રાખ્યાથી બન્યુંછે. કહ્યુંછે કે મોટા માણસની હલકી ભૂલની મોટી કિમ્મત થાય છે.

(૩). હે મારા મિત્રો ! ઉદ્યોગથી અને પોતાના કામ ઉપર ધ્યાન રાખ્યાથી ઘણું સારૂં પરિણામ થાયછે એમ છતાં, પણ તેની અંદર કરકસરને ઉમેરવી જોઇએ કે જેથી આપણા

ઉદ્યોગને આપણે વધારે ફતેહમંદ કરી શકીએ છીએ. એક માણુસ પોતે જે મેળવે છે તેમાંથી શી રીતે બચાવવું તે જાણતો નથી તો તેની ટેકમાં રાખેલી બધી જીંદગી શરાણ ઉપર ઘસાયા કરેછે, તેથી તે જ્યારે મરી જાયછે ત્યારે એક દમડી જેટલી મિલકત પણ તેની પાસેથી નીકળતી નથી. મોટામાં મોટું રસોડું હોય તેમાં રાંધવાની વસ્તુઓના ભભકાદારને સ્વાદિષ્ટ ખોરાકનાં સાહિત્ય કરવાને જાગીરો ખર્ચાઇ છે અને ખર્ચાય છે. એના દાખલા મેળવવાને વાસ્તે ઘણી ખોળ કરવા જવું પડતું નથી.

બાઈડીઓ જ્યહાં સુધી ચા કે વાતો કરવાની ગમત મળે ત્યહાં સુધી કાંતવાનું ને ગુંથવાનું છોડી દેછે, એટલે એટલો વખત ગુમાવેછે. સુતાર છિદ્ર પડવાને ચીરવાનું તથા કાપવાનું છોડી દે છે એટલો વખત તે ગુમાવે છે.

જો તમે તાલેવર હો તો તમે દ્રવ્ય સંગ્રહ કરવાનો તથા બજાવવાનો વિચાર કરજો. અમેરિકાના ઈંડિયનોએ સ્પેનને તાલેવર બનાવ્યું નથી એટલે સ્પાનીસ આર્યલોકોએ તે દેશ જીતી લીધો તેથી તેની ઉપજ તેમના હાથમાં આવી પણ તેમની પાસે કાંઈ બચ્યું નહિ, કારણ કે તેમનું ખર્ચ તેમની કમાણી કરતાં વધારે હતું.

તમારી ખર્ચાળ ચાલવાળી બેવકુફી કાઢી નાંખો એટલે ખરાબ વખત, ભારે કર અને મોટા કુટુંબનું ભારે ખર્ચ થાય છે એ બાબતની ફર્યાદ કરવાનું કારણ સરખુંએ મળશે નહિ.

સ્ત્રી, રમત, પીવાના માદક વ્યસની પદાર્થ તથા જુમટું એ સંપત્તિને ઓછી કરેછે, અને તંગીમાં વધારો કરે છે.

વળી વધારે એક જો એક પણ દુર્ગુણને મદદ આપશો તો તેનાં બે છોકરાં ઉત્પન્ન થશે. તમારે વિચારવું જોઇએ કે નાનું કાણું, થોડી ચાહ પીવાની ટેવ એ દિવસે દીવસે વધારે કીમતી થઇ પડે છે. ઝીણું લૂગડું, ને થોડી મોજ શોખ જે કશી વિસાતમાં નથી તે ધીરે ધીરે વધેછે માટે યાદ રાખો કે ઘણું થોડું હોય તે ભેગું થયાથી ઢગલો થાયછે, માટે થોડું પણ ખર્ચ થાય તેની સંભાળ રાખો. નાનામાં નાનું કાણું મોટા વાહાણને બુડાડે છે એવું ગરીબ રીચર્ડનું કહેવું છે. ફરીને બીજું કહેવાનું એ છે કે બેવકુફ ઉજાણી કરેછે તેને ડાહ્યા માણસ જમેછે.

અહિં તમે સર્વ ભેગા થયાછો અને આ વેચાણમાં નફો થવાની આશા રાખોછો તથા તમે તેને સારૂં છે એમ કહોછો પણ તમે તેની સંભાળ ન રાખો તો તે તમારામાંના કેટલાકને નુકસાન કરશે. તમે ધારો છો કે તેઓ સોંઘુ વેચશે તો કદાપિ તેની કિમ્મત કરતાં પણ તે સોંઘુ વેચશે પણ જો તમને તેમના સોંઘા સંબંધી કંઇપણ પ્રસંગ આવે નહિ તો તમને તે ઘણું મોંઘુ પરવડે. ગરીબ રીચર્ડની કહેવત સ્મરણ કરો. "તમારે જેની જરૂર નથી તે ખરીદો અને જેની જરૂર છે તેને વેચો તો તેનું ફળ શું?" જો તમે દમડીની કિમ્મત કરશો તો તમે વધારે ખર્ચ કરતા અટકશો; એનો અર્થ એ છે કે સોંઘુ ફક્ત દેખાવમાં છે પણ તે ખરેખરૂં નથી. જે સોદો ઉપર ઉપરથી સારો દેખાય તેમાં નફા કરતાં નુકસાન વધારે થાયછે. બીજી જગ્યાએ કહેલું છે કે ઘણા માણસો હલકી વસ્તુ ખરીદવાથી ખરાબખસ્ત થઇ ગયા છે. જે લીધાથી પસ્તાવો થાય તેનું કરવું એ બેવકુફી છે, અને આ બેવકુફીની રીતિ જ્યાં

ફરાજી થાય છે ત્યાં ઉઘાડી જણાય છે. ઘણા ખરા ટાપ-
ટીપીઆ ટાપટીપ જાળવવાને ભૂખ્યા રહેછે ને તેનાં કુટું-
બને અર્ધા ભૂખે મારે છે. ગરીબ રીચર્ડનું કહેવું છે કે
મખમલ, સાટીન અને રેશમનાં લુગડાં રસોડામાં પાથરી-
એ તે જેમ નકામાં છે તેમજ ટાપટીપ પણછે. જીંદગાનીમાં
એ જરૂરની વસ્તુઓ નથી. જ્યાં ઉપયોગ હોય ત્યાં એની
થોડીજ જરૂર પડે છે. ફક્ત તે સારાં દેખાયછે એટલુંજ,
પણ તેના વિના તમને અવઘડ શું પડેછે? આ અને બીજી
ઉડાઉની વસ્તુઓ ગરીબી દશામાં લાવી મૂકેછે; અને જે-
ઓ ખરીદ કરવાને સખતાઇથી આતુર હોયછે, તેઓના
જે દશા થઈ હોય તે તપાસો અને લેવાની મરજી થાય
ત્યારે ઉદ્યોગ અને કરકસરને યાદ કરો. ગરીબ રીચર્ડનું ક-
હેવું છે કે ગૃહસ્થના ઘુંટણ કરતાં ખેડુતનો પગ મોટો છે.
કદાપિ તેની પાસે થોડી મિલકત જેમાંથી શું નીકળશે તે
જાણતા નહિ હોય તેવી મૂકી જવાને રહેતી હશે. તેઓ
ધારતા હશે કે આ દિવસ છે ને રાત આવવાની નથી અ-
ને આટલું થોડું ખર્ચીએ છીએ તે કંઈ વધારે કીમતી
નથી પણ એમ કરતાં ગણત્રી કરે તો વધારે જણાઈ
આવે. હમેશાં કૂવાને જોયા કરીએ તો કોઈ દિવસ તળી-
એ પહોંચાએ નહિ એમ ગરીબ રીચર્ડ કહે છે. તેમજ
જ્યારે કૂવો સૂકાઇ જાય ત્યારે પણીની કિમ્મત જણાય. આ
શિખામણ કોઇપણ કાર્ય કરતા પહેલાં જાણવી જોઇએ
કેમકે પછીથી કંઇ વળતું નથી. આગ લાગ્યા પછી કૂવો
ખોદવા જેવું થાયછે. જો તમારા જાણવામાં નાણાની
કિમ્મત આવે તો જાઓ અને થોડું નાણું લાવો. ગરીબ
રીચર્ડનું એવું કહેવુંછે કે જે ઉધારે લેવા જાયછે તે દીલ-
ગીરી પણ સાથેજ ખરીદતા આવે છે. ખરૂંછે કે આવ.

લોકોને ઉધારે આપે તો તે ફરીને પાછા લેવા આવે ત્યારે તેમને મળે નહિ તે વિષે ડીકની અગાડીની શીખામણ જુઓ.

જો તમને પોશાકની મગરૂરી આવતી હોય ને તે લેવાની ઇચ્છા થાય તો તમારા મન સાથે પ્રથમ વિચાર કરો, અને પછી તમારી નાણાંની કોથળી તપાસો.

મગરૂબી એ ભીખ માગનારને વધારેમાં વધારે ઉદ્ધત બનાવે છે. જ્યારે તમે એક સારી વસ્તુ ખરીદેલી હોય ત્યારે તેવી દશ વધારે ખરીદવી જોઇએ, કારણ કે તેનો દેખાવ બધીનો એક સરખો છે, પણ ડીક કહેછે કે આપણે ચુતી આશાને જો પહેલીજ અટકાવીએ તો સંતોષથી બધી અટકે છે એ ખરૂછે. ગરીબ માણસને શ્રીમાન બનાવવાના જેવી એ બેવકુફી છે, તેવીજ નકામની વસ્તુઓ ખરીદવી એ બેવકુફીછે. જેમ દેડકો ફૂલીફૂલીને બળદ જેવો થતાં મરી ગયો એ પ્રમાણે થાયછે.

મોટા વહાણ ઉપર ભર દરિયાનાં તોફાન વધારે આવે છે પણ નાની હોડીને કિનારાની પાસે રાખવામાં આવેછે તેથી તે સહીસલામત ચાલી જાયછે.

બેવકુફી જલદીથી શિક્ષા કરાવે છે તેને વાસ્તે ગરીબ રીચર્ડ કહેછે કે મગરૂબી પોગળને જમેછે અને તિરસ્કારનુંવાળું કરેછે. મગરૂબીને સવારનું જમવાનું ઘણું હોય છે ને ગરીબી દશા એ તેનું જમણ છે અને સાંજે વાળુ કરવાને ફજેતી મળેછે. આ પ્રમાણે મગરૂબી કરવાથી કેટલું બધું વેઠવું પડેછે? તે મગરૂબી તંદુરસ્તી વધારતી નથી અને દુઃખને દૂર કરતી નથી. તે માણસની મનશક્તિઓમાં વધારો કરતી નથી પણ અદેખાઇજ વધારે છે, અને કમન-

શીખને દશ વખત લાવેછે.

આ પ્રમાણે ખાલી બપકાને વાસ્તે દેવામાં પડવું એ કેવી ઘેલાઇ છે. દેવું કરનારની વધારેમાં વધારે છ માસ સુધીજ શાખ રહેછે, કેમકે એટલી મુદત સુધી કોઈ જાણતું નથી પછીથી તેમની પાસે રોકડ હોતું નથી તેથી આખરે તો જેવા હતા તેવાજ રહે છે. તમે વિચારો કે જ્યારે તમે દેવું કરવા જાઓ છો ત્યારે શું થાય છે? તમે તમારી સ્વતંત્રતા બાજુપર મૂકોછો. તમે જ્યારે વખત પ્રમાણે દેવું અદા કરતા નથી ત્યારે તમે તમારા શાહુકારને મોં બતાવવાને શરમાઓ છો. જ્યારે તમે તેની સાથે બોલોછો ત્યારે તે શું બોલશે તેની બીક રાખોછો, તમે છટકી જવાને દયા ઉપજાવે એવી માફી માગોછો અને ગરીબ થાઓછો. એ પ્રમાણે તમે તમારી સ્થિતિને હલકી કરોછો, અને દબદબાને ખૂઓછો, તથા જૂઠું બોલવાના સમુદ્રમાં ડૂબી જાઓછો તેથી પહેલો દુરગુણ દેવું ને બીજો જૂઠું બોલવું એ બે તમારામાં આવેછે, માટે ગરીબ રીચર્ડ કહેછે કે દેવાદારના ઉપર બેસીને જૂઠું તેને હાંકેછે એ ખરૂં છે.

હવે છેલ્લું કહેવાનું એ છે કે અનુભવ એ વહાલામાં વહાલી ઉત્તમ નિશાળ છે પણ તેમાં બેવકુફ કંઇજ શીખતો નથી. એ ખરૂંછે કે આપણે શિખામણ આપી શકીએ, પણ આપણે ચાલચલકત આપી શકતા નથી. યાદ રાખો કે જે વિચાર કરતો નથી તેને મદદ મળી શકતી નથી, માટે જો તમે તર્કશક્તિથી જે વિચાર આવે તેને ધ્યાનમાં ન લ્યો તો તમારી મરજી તમને જાળમાંજ નાંખશે પછીથી નીકળવું ઘણું કઠણ થઈ પડશે.

આ પ્રમાણે તે સ્વેત વસ્ત્ર ધારણ કરેલા વૃદ્ધ ગૃહસ્થે

તેનું પવિત્ર ભાષણ પુરૂં કર્યું અને લોકોએ તેને મંજુર રાખ્યું તથા તેની સલાહ પ્રમાણે ચાલવાનો નિશ્ચય કર્યો એટલે જલદીજ વિરૂદ્ધ રીતે વર્તવાનું તેમની નજરમાં આવ્યું. જો કે આ સાધારણ ઉપદેશ હતો અને તે જાહેર હરાજ કરતો હતો તેથી લોકોએ સખીપણાથી એની યોગ્ય સલાહ ખુશીથી ખરીદ કરી.

જાન વેસલીનો નાણાના ઉપયોગ વિષેનો અભિપ્રાય.

જાન વેસલી એ એક ડાહ્યો અને સુજ્ઞ માણસ હતો. તે આશરે એકસો પંદર વર્ષ ઉપર મરણ પામ્યો છે. તેનાં ઘણાંક લખાણો છે તેમાંનો એક ઉપદેશ નાણાના ઉપયોગ વિષે જે આપેલો છે તેમાં ઘણીજ કીમતી શિખામણો છે માટે તેનો કંઇક સારાંશ નીચે આપવામાં આવે છે.

કવિઓ, વક્તાઓ અને તત્વવેત્તાઓએ ઘણું કરીને સર્વ પ્રજામાં અને સર્વ કાળમાં નાણાની વિરૂદ્ધ નિંદા કરેલી છે પણ આ સર્વ ઉલટું છે. પૈસાનો પ્યાર તે સર્વ પાપનું મૂળછે પણ તે વસ્તુ પોતાની મેળે નથી, એટલે નાણું જાતે નથી. વાંક પૈસા ઉપર મેલવો એ યોગ્ય નથી પણ તેનો ઉપયોગ કરનારા ઉપર મેલવો જોઇએ. એટલે દ્રવ્ય આપણાથી વર્ણન ન થાય એટલી નોકરી બધી સુધરેલી પ્રજામાં અને જીંદગાનીના સાધારણ કામકાજમાં સર્વ કાળ કર્યા કરેછે. તે આપ લે કરવામાં તથા વ્યાપાર અને સર્વ સારી રીતભાતમાં ઘણું કીમતી ઓજાર છે. તે ભૂખ્યાનો ખોરાક, તરસ્યાની તરસ મટાડનાર, નાગાનો પોશાક અને આબરૂનું સાધન છે. તેનાથી કુંવારીઓને સ્વામી, નિરાશ્રિતોને આશ્રય અને ધણીને ધણીઆણી મળેછે. ગુનેહગારનો બચાવ, માંદાની આરોગ્યતા અને મૃત્યુનો પણ કેટલેક દરજ્જે એનાથી બચાવ થાયછે; પણ

એ કીમતી જરૂરીઆત વસ્તુનો શી રીતે ઉપયોગ કરવો તે અવશ્ય જાણવું જોઈએ.

પ્રથમ—તમારાથી બની શકે એટલું મેળવો.

વધારે મોંઘું સોનું ખરીદ કર્યા સિવાય આપણે બહુ મેળવવું જોઈએ. તેને વાસ્તે વધારે આપતા નથી તોપણ તે કીમતી છે. આપણી તંદુરસ્તીને અન્યાય ન થાય એમ વધારે ફાયદો મેળવવાને ખંતથી મંડ્યાને મંડ્યા રહેવું જોઈએ. આપણે કોઈપણ પાપ ભરેલા ધંધામાં રોકાવું નહિ અને આપણને નુકસાન થાય એવી રીતે આપણા દેશના કાયદા તથા મહાન પ્રભુના નિયમની વિરૂદ્ધના આવે એવો ધંધો કરવો નહિ. ધંધા રોજગારમાં જાહાણું અને ઠગાઈ જે જોઈએ છીએ તેનો તો પવિત્રતાથી ત્યાગજ કરવો જોઇએ. આપણે આપણા પાડોશીને દુઃખ દીધા સિવાય આપણા ફાયદાને મેળવી શકીએ છીએ. આપણે જુગટું રમીને તેના પૈસા મેળવતા નથી. આપણે આપણો ધંધો વધારવાને બીજાના ધંધાને નાબુદ કરવાને યત્ન કરી શકતા નથી. આપણે રાજ્યવ્યવહારના પ્રધાન- પણાને પોતાની મેળે અથવા બીજાની મારફતે તેના વ્યભિચાર અથવા સ્વભાવ વિરૂદ્ધ જે મળે તે જોઈતું નથી.

આ ઉપયોગ કરવામાં સાવધ રહી તમારાથી મેળવી શકાય એટલું મેળવો. પ્રમાણિકપણે ઉદ્યોગ કરી મેળવો. તમારી મનશક્તિને બને તે રીતે એ મેળવવામાં કામે લગાડો. વખત ગુમાવશો નહિ. દરેક કામકાજમાં તમને દરેક દિવસે ને દરેક કલાકે તથા દરેક પળે કાંઇ પણ માગણી થશે, આ એવકુફી ભરેલી વગર નફાની ગમત વાસ્તે લગાર પણ નવરાશની રજા તમને આપવામાં આવશે નહિ. જેની

રીતે તમારા હાથ કામ કરવાને યોગ્ય માલુમ પડે તેવી રીતે તે કામ જોર અને ઝડપથી કરો. જેમ બને તેમ જલદીથી કરો પણ કામ કરવાને વાર લગાડશો નહિ ફલાણે દિવસે કરાશે, ફલાણે કલાકે કરાશે એમ કામને આશા ઉપર રાખવુંજ નહિ. જે તમે આજ કરી શકતા હો તે કાલ ઉપર રાખતાજ નહિ. તમે કામ કરતાં ઊંઘણસી તરીકે બગાસાં ખાતા નહિ. તમારૂં બધું જોર કામમાંજ લગાડો. આધિ, વ્યાધિ અને ઉપાધિને જાળવી રખાતી નથી એમ નીસાસા મૂકી બોલતા નહિ. વગર સંભાળ તથા થોડી કાળજીથી કંઈ પણ કામ કરતા નહિ પણ કાળજી ને સંભાળથી કરો.

પરમેશ્વરે તમને જે સમજ શક્તિ આપી છે તેનો નફો મેળવવાને વાસ્તે ઉપયોગ કરો અને તમારી સાધારણ અક્કલથી તમારાથી બની શકે એટલો નફો મેળવો. આ બાબતનો ઘણા થોડા માણસો અનુભવ કરેછે એજ આશ્ચર્ય છે. પોતાના બાપદાદાથી ચાલતી આવેલી રીત પ્રમાણે માણસો કેવી સુસ્ત રીતિએ ચાલતા જાયછે. તમારે બીજાના અનુભવ ઉપરથી અભ્યાસ રાખવો ન જોઈએ પણ તમારા પોતાના અનુભવ ઉપરથી વાંચો અને તમારે કરવાની દરેક બાબતમાં તેનો ફેલાવો કરો. તમે કાલે કરવાના હો તે કરતાં આજ જ કરો તે ઉત્તમ છે તેથી તમે જોઓ કે તમે જે જાણતા હતા તેનો મહાવરો કેવો સારો યા માઠો થયો છે.

બીજું.—તમારાથી બની શકે તેટલું બચાવો.

તમે તમારી અમુલ્ય મનશક્તિનો કોઈપણ ભાગ ફક્ત તમારી મરજીને સંતોષ આપવાને તથા મનને ગમે તે જાતનો આનંદ આપવાને નકામો જવા દેતા નહિ.

માદક પદાર્થો પીવાની ટેવ અથવા કંઇ પણ વ્યસન તમારે રાખવુંજ નહિ. મોજમઝા ખર્ચ કર્યા વિના ભોગવાતી નથી માટે તેથી સાવધ રહેજો. નાજુગતા અને તકુલેદીપણાનો ધિક્કાર કરજો તથા સાદા સ્વભાવ અને સાદી રીતમાં સંતોષ માનજો. તમારી આંખને સારાં લાગે એવાં ચળકતાં ઘરેણાં જેની જરૂર નથી એવામાં નકામો ખર્ચ કરી તમારા પૈસાને નકામા જવા દેતા નહિ; કેમકે આપણે પહેલું બતાવી ગયા છીએ કે આપણા દેશમાં મોટામાં મોટી રકમ એમાંજ ખર્ચાય છે.

માણસોના ખાલી વખાણ ઉપર સાનંદાશ્ચર્ય પામી જીંદગાનીની ખાલી મોટાઈના સંતોષને વાસ્તે કંઈ પણ મૂકશો નહિ.

તમે લોકોનાં મીથ્યા વખાણ જે ઘણાં મોઘાં છે તેને તો ખરીદશોજ નહિ. પરમેશ્વર તરફથી જે યોગ્યતા અને માન મળેછે તેમાંજ સંતોષ માનજો. આ વિશે આપણા દેશમાં લગન તથા મૃત્યુના ખર્ચમાં જે મોટામાં મોટી રકમ જાય છે તે અગાડી બતાવી ગયા છીએ તે આ જગાએ પુનરાવર્તન તરીકે સૂત્રરૂપે બતાવ્યું છે.

ત્રીજું.—તમારાથી બની શકે તેટલું આપો.

કોઈપણ નફો મળે અથવા ભારે રકમ બચે એવી વાતો સાંભળો તો તેથી આશ્ચર્ય પામશો નહિ, કેમકે એમાં કાંઇજ માલ નથી. જે માણસ અગાડી વધતો નથી તે કંઈપણ કરી શકતો નથી. જે માણસ કંઈપણ ખરો વ્યય કરે નહિ તે સર્વ અહિંજ મૂકી જાય તો તેણે કંઈજ કર્યું નથી; તેમજ જે કમાણી કરી તેને ઉડાવી દીધું તે પણ તેવુંજ જાણવું.

આપણો માલિક જે પરમપ્રભુ પરમેશ્વર તેમણે આ દુનીઆંમાં જન્મ આપી આપણને માલિક તરીકે અહિં મોકલ્યા નથી પણ કારભાર કરનાર તરીકે મોકલ્યા છે, માટે સારામાં સારી રીતે અને તે માલિક ખુશી થાય એવી રીતે વર્તવું જોઈએ. અહિં જે બધી માલમતા છે તે તેનીજ છે, આપણી લગાર પણ નથી. જેનો આપણે ઉપયોગ કરીએ છીએ તે પણ તેનીજ છે. તેણે આપણને ઘણું સ્પષ્ટ અને અસર કરે એવી રીતે શાસ્ત્રીય વચનમાં કહેલું છે કે આપણે પવિત્ર અને શુદ્ધ થવું એ સર્વનો આધાર આપણી કરણી ઉપર રહેલો છે. કહ્યું છે કે "જેવી કરણી તેવી પાર ઉતરણી."

જો તમે નીમકહલાલ અને ડાહ્યા કાર્યભારી થવાને ઈચ્છતા હો તો તમારે પોતાને માટે જે વસ્તુની જરૂર છે તે પુરી પાડવાનો યત્ન કરો. પહેલું તમારે ખોરાકને વાસ્તે અનાજ, પહેરવાને વાસ્તે લૂગડાં, જે લૂગડાં ઋતુ પ્રમાણે અને આપણા અંગનું રક્ષણ થાય એવાં પસંદ કરવાં જોઈએ. તંદુરસ્તી સારી રહેવાને યોગ્ય કસરત જોઈએ અને તેથી ઉદ્યોગ થાય અને આપણો કારવ્યવહાર ચાલે. બીજું તમારી સ્ત્રી, તમારાં છોકરાં, તમારા નોકર ચાકરો, અથવા બીજાં જે તમારા ઘરમાં હોય તેમનું રક્ષણ કરો. આ બધું કર્યા પછી તમારી પાસે વધે તે તમારા ઘરની આસપાસ રહેતાં હોય ને તમારા ઉપર વિશ્વાસ રાખતાં હોય તેમના ઉપયોગમાં આણો; અને એમ કરતાં બચે તે તમારા મનુષ્ય પ્રાણીના રૂડાને વાસ્તે ઉપયોગમાં લાવો; એટલું થયા પછી વધારે બચે તે તમારી મરજી પ્રમાણે ગમે તે સારા માર્ગમાં ખર્ચો. તમને ઈશ્વર જેવી બુદ્ધિ આપે તે પ્રમાણે તમારા કુટુંબનું તથા

સર્વે મનુષ્ય પ્રાણીઉં કલ્યાણ થાય એવો તન, મન અને ધનથી ઉદ્યોગ કરો.

ખોટી અને ખરી ઉદારતા.

આ ભારત દેશમાં સારઅસારનો વિચાર કર્યા વિના ઉદારતાનો ઉપયોગ કરવામાં આવે છે, એ પણ દેશની કંગાલીયતનું એક કારણ છે. ઉદારતા ઘણી પ્રકારે કરવાની છે પણ આળસુ તથા દુર્વ્યસનને મદદ કરવાને નાણું ઉડાવવું એ પાપનોજ માર્ગ છે. જે નાણું મદદ કરીએ તેની અસર કેવી થાય છે, તેનો લગાર પણ મન સાથે વિચાર ન કરવો એ બેવકુફી છે. કેટલાંક મનુષ્ય પોતાની ઉદારતા ફક્ત નામને માટેજ રાખેછે તથા ઘણી ભીખ આપેછે. આપણો પિતા જે સ્વર્ગમાં છે તેને ખુશી કરવાને ઉદાર થવું યોગ્ય છે. જે માણસો નામ વાસ્તે ઉદારતા બતાવે છે તે બીલકુલ વખાણવા લાયક નથી. આપણે અહિં કેટલાક નાણું વ્યાજે આપનારા તથા વ્યાપારી તેઓના ધધામાં દગો કરીને તથા ગરીબ માણસોને નુકશાન કરેલું હોય તેનું જે પાપ થાય તે નિવારણ કરવાને ભીખ આપે છે; તથા અધર્મથી મેળવેલું હોય તેમાંથી દસાંશ પોતાના ધર્મના કામમાં આપે છે; અથવા યાત્રાએ જાય છે કે જેથી તેમનાં કરેલાં પાપ ધોવાય; તથાપિ એમનાં કરેલાં પાપ કોઈ દિવસ એવું કર્યાથી જતાં નથી અને જવાનાં નથી એ ખસુસ માનજો.

કેટલાક એમ ધારે છે કે, ભીખારીને આપવાથી આપણને સ્વર્ગ મળશે. જે વાજબી ને જે પાત્ર હોય તેનેજ

દાન આપ્યું હોય તો તે ફાયદાકારક છે, પણ ઘાતકીપણું વધારવાને દાન કરવું એ મોટામાં મોટું પાપ છે.

સન ૧૮૮૧ ની સાલના વસ્તીપત્રક પ્રમાણે હિંદુસ્તાનમાં ૧૨૫૬૫૫૯ ભીખારી હતા અને તેમનો ભીખ માગવા સિવાય બીજો કંઇજ ધંધો હતો નહિ.

પ્રોફેસર રઘુનાથ મુડલેર કહેછે કેઃ—

મદ્રાસમાં હું દરરોજ ઘણા ભીખારીઓને બારણે બારણે ભીખ માગતા જોઉંછું. તેઓ એ ધંધો લેઇનેજ જન્મ્યા છે ને તે તેમના બાપદાદાથી વારસામાં મળેલો છે એમ જણાવી હોંશે હોંશે ભીખ લેછે, અને કેટલાક તો તાલેવર છતાં પણ બાપદાદાનો ધંધો છે એમ ધારી ભીખ માગવાની મોટાઈ માનનારા છે, તથા તે ગરીબને પેરથી પણ ઉઘરાવે છે. આ બધું જે ગરીબ મહામુશ્કિલથી પોતાની જાતિ કમાણી કરી પરાણે પુરૂં કરેછે તેમના ઉપર બોજારૂપ થઈ પડેછે એ શું જુલમ નથી? દરેક હિંદુ સારી રીતે જાણે છે કે, આવા આળસુ માગનારાઓ હજાર રસ્તેથી ભીખ માગેછે. આ ગૂજરાતમાં વડાદરા બ્રાહ્મણ ને મોઢજ્ઞાતિ એ બાબતમાં બહુજ પ્રખ્યાત છે. તેઓમાંના ઘણાખરા ભીખના ધંધામાં દરમાસે ૪૦ રૂપિયા કરતાં ઓછો પગાર પાડતા નથી અને ભીખ માગીને પૈસાદાર થએલા હોયછે, તથા તેઓ પોતાના ગામમાં પણ ભીખ માગવાને શરમાતા નથી એ અતિ શોચનિય છે. આ ભીખ માગનારા સિવાય નાતના ને તીર્થના ગોર લોકો પોતાના યજમાન પાસે તથા બીજી રીતે ધર્મને બહાને હજારો ઢોંગ કરીને દ્રવ્ય મેળવે છે એવી રીતે આળસથી પોતે ખરાબ થાય છે ને બીજાને પણ કરેછે.

જો આવા ભીખારીઓ જેમને હાથ પગ ઇત્યાદિ અવયવો સહીસલામત હોયછે તથા લઠ જેવા હોય છે તેઓને

પોતાના ગુજરાનને વાસ્તે કામ કરવાની જરૂર પાડવામાં આવે તો આપણા દેશની દોલતમાં ઘણે દરજ્જે વધારો થાય.

ઘણા રખડતા આળસુ માણસો નાતો જમે છે તેના ઉપરજ આધાર રાખનારા છે, કેમકે આ દેશમાં ન્યાતિભોજન તથા જમણવારનો બારે પ્રચાર છે તેથી તેમને તેનો મોટો આશરો મળે છે. તેઓ ઠેકાણે ઠેકાણે આવા અવસર ઉપર જાય છે. તેમાં જનારા આબરૂદાર ગણાતા નથી. એ ભોજનમાં તમામ નકામું ખર્ચ કરી ખર્ચી નાંખે છે.

તેઓ કેટલાં બધાં માણસને કામ કર્યા સિવાય પેસા મેળવવાનું શિખવેછે! એથી તે જલદીથી ભીખારીનો ધંધો હાથમાં લેછે. આથી સારા લોકોને પણ ખરાબ અસર થાયછે. લાલચો મેળવવાને ઉદ્યોગ એ સહીસલામત ભોમિયો છે. જ્યારે માણસ ઉદ્યોગમાં મંડેલો હોય છે ત્યારે તેને પાપ ભરેલી ગમત વિચારવાનો વખતજ મળતો નથી. આળસજ દુર્ગુણને વારંવાર રસ્તો આપે છે. હિંદુસ્તાનમાં કેટલાક બાવાના નામથી ભીખ માગે છે તેમાં વેશધારી વાઘરી પણ ઘણા હોય છે તેઓ લોકોને ઠગવાને એક જગાએથી બીજી જગાએ જાયછે તથા જૂદી જૂદી જાતની ભાષા બોલે છે તેથી ભોળાં માણસો તેમનાથી એકદમ ઠગાય છે.

હાલમાં મુક્તિફોજના કેટલાક સન્યાસી જેવાં કપડાં પહેરી ફરેછે તેમનાથી પણ ગામડાના ઘણાખરા ભોળા લોકો ઠગાયા છે. એવી રીતે વેશ ધારણ કરીને બીજાના મનમાં જૂદી અસર કરવી એને અધર્મ અથવા ઠગાઈ કહીએ તોપણ ચાલે.

એ ખરેખરૂં છે કે જો ચોરને ભીખ આપીએ તો તે-

નો ઘણો વખત લોકોનું ચોરવામાં ને ભીખ માગવામાં
જ જાયછે તેથી ભીખ આપનારે એકૃત્ય સારૂં કર્યું એવું સમ-
જણુવાળા કહેશે નહિ. એ તો આળસુને અને વ્યસનીને
મદદ આપ્યા જેવુંજ થાયછે. આપણી કુટુંબમાં રહેવાની
રીતિ સારી છે તોપણ કેટલીક રીતે આળસુનું પોષણ કરે એ-
વી છે. આપણા દેશમાં પરણેલા ભાગ્યેજ પોતાનાં તથા પો-
તાની સ્ત્રીનાં સગાંવહાલાં આવે તેને પોષણ ન કરતા હોય એ-
વું જોવામાં આવેછે. પોતાના ઘરમાં એક ટંકનું પણ ખા-
વાનું ન હોય તોપણ ઘેર આવેલા પરોણાની આગતા સ્વા-
ગતા કરવીજ પડેછે, અને તેમાંના કેટલાક આળસુ ઘણા
દિવસ સુધી પડી રહે તોપણ તેમને કહેવાતું નથી કે જા-
ઓ. આ પણ એક ખરાબ રૂઢી છે.

માણસે જ્યાં સુધી બને ત્યાં સુધી મહેનત કરી ગુજ-
રાન ચલાવવું જોઇએ. બીજાના ઉપર આધાર રાખી તે
ઉપર રહેવું યોગ્ય નથી. જે માણસને કામ નથી તો તેને
ખાવાનું કે જીવવાનું નથી. જો માણસ આળસ કરે તો
તેને ગરીબી દશા અને ભૂખ સહન કરવાં એજ ઉત્તમછે.
આપણે માણસને ઉપયોગી કરાવી ખાવાનું આપવું એજ
જરૂરનું છે અને એથીજ એના ઉપર મોટી મહેરબાની
થશે. તેમજ જે મંડળીમાં આપણે રહીએ છીએ તેમના
ઉપર પણ તેવીજ મહેરબાની થશે.

આપણી ચાલ ચલગત નીચે લખેલા ધારા પ્રમાણે
રાખવી જોઇએ.

૧. જેઓ ગરીબ છે પણ પોતાની મેળે ગુજરાન ચલા-
વી શકે એવા હોય તેમને કંઇજ આપવું નહિ, પણ તેઓને
મહેનત કરાવવાનો યોગ્ય કરી આપવો. જો તેઓ કામ કર

વાને આળસ કરે તો તેમણે તેનું ફળ ભોગવવુંજ જોઇએ.

૨. જેઓ પોતાની મેળે મહેનત મજુરી શોધી શકતા નથી અને અર્ધા અશક્ત છે તો તેમને જેટલી મદદ જોઇએ તેટલી આપવી, તથા તેમનાથી થોડું પણ કામ થતું હોય તો તેટલું કરાવીને મદદ આપવી પણ તેમને કંઈ કરાવ્યા સિવાય આપવું એ યોગ્ય નથી.

૩. જેઓ કંઇપણ કામ કરવાને અશક્ત હોય તો તેમને બધું આપવું ને ખરેખરી મદદ કરવી. જેવાં કે નાનાં છોકરાં, માંદાં, શરીરે અપંગ અને ઉમ્મરે પહોંચેલાં વગેરે. આપણા પૈસા દવાખાનાઓમાં, નિશાળોમાં, નિરાશ્રિતાલયમાં ધર્માલયમાં, પુસ્તકશાળામાં, તથા ધર્મશિક્ષણ એવા કામમાં ખર્ચવા; પણ મોટાં મોટાં બાવલાં કરવામાં, મોટા મોટા ફુવારા બંધાવવામાં, મિનારા કરાવવામાં તથા માનપત્રોની ધામધુમ કરવામાં ઉડાવવા એ અતિ નામોશી ભરેલું છે. દેશના કલ્યાણની પાછળ મંડળીઓના ખર્ચમાં, દેશને ઉત્તેજન આપવામાં તથા દેશનું સંરક્ષણ કરનારી સોસાઇટીઓમાં જ્યાં ખરો ઉપયોગ થતો હોય ત્યાંજ પૈસા ખર્ચવા એ તે પૈસાને વાવ્યા બરાબર છે.

મોટું દેવું.

જો કે દેવામાં પડવું એ સાધારણ છે. કેટલાએક લોકો એવું કહેછે કે મારે કોઇની પાઈ સરખીએ દેવી નથી અને એ ખરૂં છે; તોપણ માણસજાત મોટામાં મોટા દેવાના પાંજરામાં લટકેલીછે. તે દેવું દિવસે દિવસે વધતુંજ જાય છે અને તે કદી પુરૂં થતું નથી તે શું છે?

દેવાનો પ્રકાર.—બુદ્ધિવાન મનુષ્યો માનેછે કે આપણો માથે સર્વથી ડાહ્યો, સર્વશક્તિમાન અને તમામ વસ્તુનો ઉત્પાદક છે. જે ઉપર આપણે વસીએ છીએ તે પૃથ્વી, જે આ પૃથ્વીઉપર પ્રકાશ કરેછે તે સૂર્ય, જેની તળેટી ઉપર વૃક્ષને વેલા વીંટાએલી છે, તે સર્વ તેણે બનાવ્યાં છે. તમામ મુલક જેમાં લોકો નિવાસ કરી રહેલા છે તે ખોખું પણ તેણેજ એટલે પરમેશ્વરે બનાવ્યું છે. તેણે ફક્ત આપણને જીંદગી આપી નથી પણ જીંદગાનીમાં આપણને તેજ રાખે છે. જો એક પળ પણ તે આપણી સંભાળ લેવાનું મોકુફ રાખે તો આપણે મરી જઇએ. અલબત એ આપણો ખરો બાપ ને ખરો મહારાજાનો રાજા છે.

આપણી પરમેશ્વર પ્રત્યેની ફરજોના સૂત્રરૂપ વચનોના સારનો સાર નીચે પ્રમાણે છેઃ—

આપણે ખરા અંતઃકરણથી તેના ઉપર પ્યાર રાખવો જોઈએ અને તેની આજ્ઞાનેતાબે થવું જોઈએ. જે આજ્ઞાઓ પવિત્ર, ન્યાયી અને સારામાં સારી છે. આપણાં કર્તવ્ય શું યથાયોગ્ય છે?

એક માણસ કોઈ વેપારી પાસેથી માલ લે ને તેના પૈસા તેને આપે નહિ તો તેને તેનું દેવું છે એમ કહેવાય છે. જો આપણે જે આપણી ફરજોછે અને જે પરમેશ્વર આપણા ઉપર આટલીબધી માયા રાખેછે તેને માન આપવાને આપણે ચૂકીએ અને તેના દેવાની સાથે મુકાબિલો કરીએ તો આપણે દેવામાં વધારો કર્યો એ ખરૂંછે કે નહિ? આપણે પરમેશ્વરના હુકમને ન માનીએ તો આપણે તેને શો જવાબ દેઇશું? કેમકે દરેક ધાર્મિક વચ-

નોમાં સ્પષ્ટ કહેલું છે કે તે માલિકને જવાબ દીધા વિના આપણો છૂટકો થતો નથી ને થવાનો પણ નથી.

કેટલાક માણસને ઇશ્વરનું દેવું વધારે છે ને કેટલાકને તેના કરતાં થોડું છે. કેટલાક બાતકી એવા છે કે તે અસંખ્ય ગુન્હાના ગુન્હેગાર છે. કેટલાએક મોટામાં મોટી ભૂલો કરી ગુન્હેગાર થાયછે તોપણ દુનીઆમાં એવા માણસો હોયછે કે તે નાતિને રસ્તે ચાલી દુનીઆમાં માનપ્રતિષ્ઠા મેળવેછે પણ પ્રભુનું મહત્વ માનતા નથી અને કેટલાક ધાર્મિક પ્રકૃતિના ને સદાચરણી હોયછે તે સર્વને પરમેશ્વરનું દેવું છે. પરમેશ્વર આપણું અંતઃકરણ જુએ છે તેથી આપણી જેવી બહારની ક્રિયા તે જાણેછે, તેવીજ અન્તઃકરણની ક્રિયા તે જાણેછે. આપણે ખરેખરા તાબેદાર છીએ માટે તમે કહો કે તમે એક પણ ઘડિકા ઇશ્વરને સાનિધ્ય જાણીને ખરેખરી પ્રાર્થનાકરી ધાર્મિક બુદ્ધિએ વર્ત્યાછો? તમારી આખી જીંદગાનીમાં અપવિત્ર વિચાર, પાપ ભરેલા સંકલ્પ, પાપી કામનો તુરંગ જે તમે લાવ્યાછો અને તમારી માનસિક વૃત્તિમાં કેટલા પાપી થયાછો તેનો વિચાર કરો. જો તમે ધાર્મિકપણે ચાલો અને આખા દિવસમાં એક પાપ કરતા હો અને તમારી ઉમ્મર ૫૦ વરસની થઈ હોય તો ૩૬૫×૫૦=૧૮૨૫૦ પાપ થાય તેના તમે ગુન્હેગાર બન્યાછો, માટે આપણા પવિત્ર મહર્ષિઓ કહી ગયા છે કે માથાના વાળ જેટલા આપણા અપરાધ છે એ ખરેખરૂં છે.

આપણું દેવું આપવાને આપણી કેટલી અશક્તિછે.

ધારો કે કોઈ માણસને કરોડ રૂપિયા દેવું હોય તે પોતાનું દેવું વાળવાને થોડા પૈસા આપે તો તે દેવું કદી વળી શકે નહિ, પણ તેના વ્યાજનું વ્યાજ પણ ન વળી શકે.

પવિત્ર જગામાં જઈને સ્નાન કરીએ પણ મલિન અંતઃક-
ર્ણને લીધે આપણું પાપ ધોઈ શકતા નથી. દેવની પાસે
ગમે એટલી ભેટ કરીએ, ગમે તેટલાં બ્રહ્મભોજન કરીએ
પણ આપણું મન શુદ્ધ થતું નથી તો પાપ તો જાયજ
ક્યાંથી! દેવળમાં બેસીને ભક્તિ કરીએ અને સમાજમાં
ઉપદેશ આપીએ પણ જો આપણું મન શુદ્ધ નથી તો
પાપ કદીપણ જતું નથી. જ્યાં સુધી તેને પાઇએપાઈ
આપીએ નહિ ત્યાંસુધી દેવાદારજ રહીએ. તેમજ આ-
પણે હવેથી ઇશ્વરના નિયમાનુસાર ચાલીએ તેથી પૂર્વનું
દેવું ઓછું થતું નથી પણ આપણે દેવાના ભારમાંને
ભારમાં બૂડેલાજ રહેવાના.

દેવાને વાસ્તે શિક્ષા જોઇએ.—ઘણાખરા માણસો પો-
તાના મોટા દેવા વિષે થોડુંજ જાણે છે. પાપ એ પરમે-
શ્વરની વિરૂદ્ધ બંડ કરાવે છે અને મહાપિતાની મહેરબા-
નીથી વિરૂદ્ધ ચલાવે છે. આપણા ઉપર મહા દયા રાખનાર
જે ઇશ્વર તેના ઉપરની શ્રદ્ધા ઓછી કરેછે. એ પાપનો
જુસ્સો પુરો થાય કે મૃત્યુ આવે છે, આવાં પાપ જ્યાં
સુધી માણસમાં રહે ત્યાંસુધી તેને ભોગવવાં પડેછે.

શી રીતે આ દેવું ઓછું થાય.—સારા શાહુકાર આ-
પણી રહેણી કરણી જાણી આપણા ઉપર જે દેવું હોય
તે મહેરબાનીથી ઓછું કરે છે. બાપ પોતાના છોકરાને
ધંધો કરવા સારૂ પૈસા આપે તે દયા જાણી માફ કરેછે,
તેમ આપણો પવિત્ર પિતા આપણાં પાછલાં કર્મનો પ-
પસ્તાવો અને આપણી રહેણી કરણી સારી ને પવિત્ર તથા
ધાર્મિક બુદ્ધિવાળી જાણીને આપણું દેવું માફ કરે છે.
જો કોઈ માણસ સરકારની સામું બંડ કરે તોપણ સરકાર
તેના સારા ગુણને લીધે માફી આપે છે, જે કેદીને જન્મ

દેશનિકાલની સજા થઈ હોય તોપણ તેની સારી ચાલથી તેને માફી મળે છે. તેમજ પ્રભુ પણ આપણી સદ્વૃત્તિ થાય તો એ દેવાની માફી આપે માટે ભગવાનની મહેરબાની માગો ને રૂડે માર્ગે ચાલો કે તમારા મોટા દેવામાંથી મુક્ત થાઓ. તથાસ્તુ.

સમાપ્ત.

બીજી આવૃતિની પ્રસ્તાવના.

આ આવૃતિ સંશોધન કરી સૂત્રરૂપ વચનોના અનુક્રમ યોગ્ય રીતે ગોઠવી ટીકાકારોના યોગ્ય અભિપ્રાય સ્વીકારી પ્રસિદ્ધ કરીછે. આ પુસ્તક કેળવણીખાતામાં ઈનામ તથા સ્કુલલાયબ્રેરીને વાસ્તે મંજૂર થયાથી તથા પ્રથમાવૃતિ ખપી ગયાથી, લખેલા ઉપોદ્ઘાત પ્રમાણે બહોળો ફેલાવો થવાનાં ચિન્હ પુસ્તકની માગણી ઉપરથી જણાયાં છે જે સુજ્ઞજનોએ આ પુસ્તકનો ફેલાવો થવા તરફ કાળજી બતાવી છે, અને બતાવશે તેમનો પ્રજા ઉપર તથા મારા ઉપર મહોટો આભાર થયો છે, ને થશે.

ગ્રંથકર્તા.